Friday, 01 May 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणा:॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૧૧૭ ● સંવત-૨૦૮૨ વૈશાખ સુદ પૂનમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD



ખુશી તે છે જ્યાં તમે શું વિચારો છો, શું તમે કહો છો, અને શું તમે કરો છો તે સમન્વયમાં હોય.
- મહાત્મા ગાંધીજી

### વલસાડ જિલ્લામાં યુ.કે. વિઝા-૨૧ માટે બનાવટી દસ્તાવેજોથી પાસપોર્ટ બનાવતા

# પાસપોર્ટ એજન્ટ અને ખોટા બનાવટી દસ્તાવેજ બનાવનાર બે મુખ્ય સૂત્રધાર આરોપીને વલસાડ એસ.ઓ.જી.એ ઝડપી પાડ્યા

**દમણના મગરવાડા નિવાસી બે સગા ભાઈઓ પ્રજ્ઞેશ રાયચંદ પટેલ અને ભાવિક રાયચંદ પટેલ તથા જીતુ દમણીયા હાલ રહે. નાલાસોપારા, જીજ્ઞેશ નારાયણ પટેલ રહે. દુનેઠા નાની દમણ મુખ્ય ચાર આરોપી છેઃ દમણના બે સગા ભાઈઓ આ પહેલાં જ વાપી જી.આઈ.ડી.સી. વિસ્તારમાંથી ઝડપાઈ ચુક્યા છે**






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૦**

સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક શ્રી પ્રેમ વીર સિંહના સીધા માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યુવરાજસિંહ જાડેજાએ જિલ્લામાં બનાવટી દસ્તાવેજો બનાવી ગુનાહિત કૃત્યો આચરતા ઈસમો સામે કડક કાર્યવાહી કરવાના આદેશ આપ્યા હતા. જેમાં વલસાડમાં બનાવટી નામ, સરનામાના આધારે ભારતીય પાસપોર્ટ મેળવવાના પ્રકરણમાં સંડોવાયેલ ગેંગનો એસ.ઓ.જી.એ પર્દાફાશ કરીને બે મુખ્ય સૂત્રધારોને ઝડપી પાડવા સફળતા મેળવી છે.

વલસાડ પો.સ્ટે.માં નોંધાયેલ ફરિયાદ બાદ ગત તા.૨૦-૪-૨૬ના રોજ દમણ મગરવાડાના બે સગા ભાઈઓ પ્રજ્ઞેશ ઉર્ફે લાલો પટેલ અને ભાવિક પટેલે જન્મ પ્રમાણપત્ર, આધાર, પેન કાર્ડ જેવા બનાવટી દસ્તાવેજના આધારે સુરત પાસપોર્ટ ઓફિસમાં અરજી કરી હતી. આ ષડ્યંત્રનો મુખ્ય આરોપી જીતેન્દ્ર ઉર્ફે જીતુ દમણીયા (ટુર એન્ડ ટ્રાવેલ્સ વ્યવસાયી) રહે. નાલાસોપારાને ૨૮/૪ના રોજ ઝડપી લેવાયો હતો. તપાસમાં જીજ્ઞેશ ઉર્ફે જેક (રહે. દમણ)ને તેની ઓફિસ જેક એન્ટરપ્રાઈઝથી રંગે હાથ ઝડપી લેવાયો હતો. લેપટોપ, કલર પ્રિન્ટર, બ્રોન્ડ પેપર અને ફોટો પેપર સહિતનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. પૂછપરછમાં જાણવા મળ્યુ કે, આરોપીએ યુ.કે.૨૧ વિઝાનો લાભ લેવા માટે ષડયંત્ર રચ્યુ હતું. અન્ય વોન્ટેડ આરોપી હેમંત જગત (રહે.દમણ) પણ સામેલ છે. પોલીસે ૮૫ હજારનો મુદ્દામાલ જપ્ત કરી આરોપીને કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટે બન્ને આરોપીને રિમાન્ડ ઉપર મોકલી આપ્યા હતા. આગળની વધુ તપાસ હજુ એસ.ઓ.જી. ચલાવી રહી છે. કોને કોને પાસપોર્ટ બનાવી આપ્યાની આગળની વિગતો તપાસમાં બહાર આવશે.

### ઈન્ડિયન પ્લમ્બીંગ એસોસિએશન સુરત ચેપ્ટરના સહયોગથી "Think Before You Drain – I Save Water" થીમ હેઠળ

# દમણની વાત્સલ્ય સ્કૂલમાં 'એરેટર ઈન્સ્ટોલેશન' વિષય પર જાગૃતિ સેમિનાર અને ડેટા સંગ્રહ કાર્યક્રમ યોજાયો








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૩૦**

વાત્સલ્ય સ્કૂલ દમણ દ્વારા ઈન્ડિયન પ્લમ્બીંગ એસોસિએશન સુરત ચેપ્ટરના સહયોગથી "Think Before You Drain – I Save Water" થીમ હેઠળ 'એરેટર ઈન્સ્ટોલેશન' વિષય પર જાગૃતિ સેમિનાર અને ડેટા સંગ્રહ કાર્યક્રમનું સફળ આયોજન મંગળવાર તા.૨૮-૦૪-૨૦૨૬ મોટી દમણ સ્થિત શાળા કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પાણી સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવાનો તથા ઘરો અને

- (વધુ પાના નં.૨ પર)

### અંડર-૧૯ ગુજરાત ક્રિકેટ એસોસિએશન જિલ્લા સ્તરીય સ્પર્ધામાં ભાગ લેનાર

# સંઘપ્રદેશની મહિલા ક્રિકેટર કુ. સંધ્યા વરઠા, કુ. રિદ્ધિ રાજપૂત અને કુ. ઈશિકા માંગેલાનું દાનહ જિલ્લા કલેક્ટર પ્રિયાંક કિશોરે કર્યું સન્માન

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૩૦**

દાદરા નગર હવેલી અને દમણ-દીવ રમત-ગમત અને યુવા બાબતોના નિર્દેશક શ્રી અરૂણ ગુપ્તાની નિગરાનીમાં દાદરા નગર હવેલી અંડર-૧૯ મહિલા ક્રિકેટરો કુ. સંધ્યા વરઠા, કુ. રિદ્ધિ રાજપૂત અને કુ. ઈશિકા માંગેલાની ગુજરાત ક્રિકેટ એસોસિએશન(જીસીએ) જિલ્લા સ્તરીય ક્રિકેટ સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી હતી. દાનહ જિલ્લા કલેક્ટર શ્રી પ્રિયાંક કિશોરે

- (વધુ પાના નં.૨ પર)




# મોટી દમણની આંબાવાડીના સમર્પિત ANM નર્સ સરોજબેન ફકીરભાઈ પટેલ સેવાનિવૃત્ત થયા

**સરોજબેન પટેલે કોવિડ-૧૯ મહામારી દરમિયાન નિષ્ઠાપૂર્વક સેવા આપી ઘર-ઘર સર્વે, દર્દીઓની દેખરેખ, રસીકરણ કામગીરી તેમજ લોકોને જાગૃત કરવાની કામગીરીમાં ભજવેલી મહત્ત્વપૂર્ણ ભૂમિકા**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૩૦**

મોટી દમણની આંબાવાડીના સમર્પિત ANM નર્સ શ્રીમતી સરોજબેન ફકીરભાઈ પટેલ તેમનો ૩૨ વર્ષનો ઉત્તમ અને પ્રેરણાદાયક સેવાકાળ પૂર્ણ કરીને સન્માનપૂર્વક નિવૃત્ત થયા હતા. તેમણે વર્ષ ૦૯-૦૯-૧૯૯૫માં આરોગ્ય વિભાગમાં જોડાયા ત્યારથી સતત નિષ્ઠા, કર્તવ્યનિષ્ઠા અને માનવતા સાથે જાહેર આરોગ્ય સેવાઓ આપી છે.





શ્રીમતી સરોજબેને તેમના કાર્યકાળ દરમિયાન આંબાવાડી તથા મોટી દમણના આસપાસના વિસ્તારોમાં પ્રાથમિક આરોગ્ય સેવાઓ મજબૂત બનાવવા અગત્યનું યોગદાન આપ્યું છે.

- (વધુ પાના નં.૨ પર)






## સુવિચાર - સદ્‌વિચાર

સંબંધોમાં શંકા નહીં, સમજણ રાખો.

## કવિતા-ભજન-પદ-ગરબા

### ગુર્જરી વ્યવહાર શોધું છું

ગુર્જરી વ્યવહાર શોધું છું,
ધાણીફૂટ બોલનાર શોધું છું.

લાવે પરભાતિયાં પાલવમાં ભરી,
ખુશનુમા એ સવાર શોધું છું.

તેંય અંગ્રેજી મૂઠ મારી છે,
હુંય એનો ઉતાર શોધું છું.

જડી છે એક લાવારિસ ભાષા,
ને એનો દાવેદાર શોધું છું.

ગુજરાતીમાં લખી છે એક ગઝલ,
હું હવે વાંચનાર શોધું છું.

ગુર્જરી જામ છલોછલ છે, અદમ,
સાથે બેસી પીનાર શોધું છું.

**- અદમ ટંકારવી**

## આજની જોક

ગરમી પુરેપુરી કોશિશ કરી રહી છે આપણા મોઢાને આધારકાર્ડ સાથે મેચ કરવાની પણ તમે તમારું ધ્યાન રાખજો અને સાજીશમાં ફસાઈ ના જતા!!

## કબીર વાણી

**અજહુ તેરા સબ મિટે, જો મન રાખે ઠોર,**
**ગમ હો તે સબ છોર દે, અગમ પંથકુ દોર.**

**- અર્થાત-**

જો મનને સમજાવી કાબુમાં રાખો અને તેને સાંત રાખો તો સર્વે જંજાળો આજેજ મટી જાય, માટે જે જે હદવાળી (નાશવંત) ચીજો છે તે બધી મુકી દઈ જે બેહદનો રસ્તો યાને ઈશ્વરને મળવાનો મિનોઈ માર્ગ છે તેનેજ પકડી રાખવો.

## આજનો દિન વિશેષ

### અમર શહીદ બંધુ સિંહ

અમર શહીદ બંધુ સિંહ શ્રીનેત પૂર્વી ઉત્તર પ્રદેશના એક અગ્રણી સ્વાતંત્ર્ય સેનાની હતા જેમણે બ્રિટિશ રાજ સામે ગેરિલા યુદ્ધનો ઉપયોગ કરીને લડ્યા હતા.

બંધુ સિંહજીનો જન્મ ૧ મે ૧૮૩૩ ના રોજ શ્રીનેત રાજપૂત રજવાડામાં ડુમારી રિયાસતના બાબુ શિવ પ્રસાદ સિંહને ત્યાં થયો હતો. તેઓ તારકુલાહા દેવીના ભક્ત હતા. આખરે અંગ્રેજો દ્વારા તેમને ગોરખપુરના ચિલ્લુપરના શિવગોવિંદ ચંદ સાથે ધરપકડ કરવામાં આવી હતી. તેમને ૧૨ ઓગસ્ટ ૧૮૫૮ ના રોજ ગોરખપુરના અલી નગર ચૌરાહા ખાતે જાહેરમાં ફાંસી આપવામાં આવી હતી. દર વર્ષે ચૈત્ર રામનવમીથી તારકુલાહા દેવી મંદિરમાં એક મહિનાનો મેળો (મનોરંજન) ભરાય છે. દૂર દૂરના સ્થળોએથી લોકો ગરમ મસાલાની તેમની વાર્ષિક જરૂરિયાતોની ખરીદી કરવા અને પરંપરાગત ‘‘નૌટંકી’’ (નાટક), નાગ કન્યા શો અને નાના સર્કસનો આનંદ માણવા આવે છે.

તેમણે રજવાડું છોડી દીધું અને એક અજાણ્યા સ્થળે રહેવા લાગ્યા જે ગાઢ જંગલો અને વહેતી ગુર્રા નદીથી ભરેલું હતું. સિંહને તારકુલાહા દેવી પ્રત્યે ખૂબ ભક્તિ હતી, જેમની તેઓ નદી કિનારે એક તાડના ઝાડ નીચે પૂજા કરતા હતા. જેમ જેમ બ્રિટિશ જુલમ વધતો ગયો, તેમ તેમ ભારતીયોમાં અશાંતિ વધતી ગઈ. ગેરિલા યુદ્ધમાં કુશળ બંધુ સિંહ, અવજ્ઞાનું પ્રતીક બન્યા. તેઓ જંગલમાંથી પસાર થતા બ્રિટિશ અધિકારીઓ પર હુમલો કરતા, તેમના શિરચ્છેદ કરતા અને તેમના પ્રિય દેવી તારકુલાહા દેવીના ચરણોમાં શ્રદ્ધાંજલિ તરીકે તેમના માથા અર્પણ કરતા. તેમણે બ્રિટિશ શાસનના પાયાને હચમચાવી નાખ્યા, અને કહેવાય છે કે તેમણે તત્કાલીન બ્રિટિશ કલેક્ટરને મારી નાખ્યા, પછીથી તેમની ખુરશી પર પણ બેઠા હતા. આ ધાર્મિક વિધિ વસાહતી જુલમ સામેની તેમની લડાઈનું પ્રતીક હતી અને દેશભક્તિની ઊંડી ભાવનાથી પ્રેરિત હતી.

શરૂઆતમાં, બ્રિટિશ અધિકારીઓને તેમના સૈનિકોના જંગલમાં ગાયબ થવા પાછળનું ચોક્કસ કારણ ખબર નહોતી. જોકે, ટૂંક સમયમાં જ સ્પષ્ટ થઈ ગયું કે આ બળવા પાછળ બંધુ સિંહનો હાથ હતો. વ્યાપક શોધખોળ છતાં, ગેરિલા યુક્તિઓમાં તેમની નિપુણતાને કારણે અંગ્રેજો તેમને પકડવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા.તેમના ઉગ્ર વર્તનથી અંગ્રેજો ગભરાઈ ગયા, જેના કારણે તેમને બનારસથી સૈન્ય મોકલવાની ફરજ પડી. અંગ્રેજોએ ડુમરી ગામ નજીક તેમનો છાવણી સ્થાપી, પરંતુ આ જાણ થતાં, સ્થાનિક ગ્રામજનોએ દરોડો પાડીને તેમના શસ્ત્રો અને દારૂગોળો જપ્ત કરી લીધો. આનાથી ગુસ્સે થઈને, અંગ્રેજોએ ડુમરી ખાસ ગામને આગ ચાંપી દીધી, જેનાથી ગ્રામજનો ભાગી જવા મજબૂર થયા. આખરે, સુરત સિંહ (સુંદર સિંહ મજીઠિયાના પિતા) ના વિશ્વાસઘાતને કારણે સિંહની ધરપકડ થઈ. બદલામાં સુરતને વાર્ષિક રૂા.૪,૮૦૦ પેન્શન આપવામાં આવ્યું, અને બ્રિટિશ સરકારે ગોરખપુરના ડુમરી રિયાસથમાં જાગીર આપવામાં આવી.

## પ્રવાસ : ગંગટોક

**ગંગટોક વિશે મુખ્ય તથ્યો:** સિક્કિમની રાજધાની અને સૌથી મોટું શહેર ગંગટોક, પૂર્વીય હિમાલયની ગોદમાં વસેલું એક મુખ્ય પર્યટન સ્થળ છે. ૧,૬૫૦ મીટરની ઊંચાઈ પર આવેલું, આ શહેર તેના મનોહર બૌદ્ધ મઠો, કંચનજંગાના દૃશ્યો, જીવંત એમજી માર્ગ અને તાશી વ્યૂપોઈન્ટ માટે પ્રખ્યાત છે. આ શહેર તેની સંસ્કૃતિ અને સ્વચ્છતા માટે જાણીતું છે.

સ્થાન: પૂર્વીય હિમાલયમાં સ્થિત, તે સિક્કિમ રાજ્યનું વહીવટી કેન્દ્ર છે. મુખ્ય આકર્ષણો: નાથુલા પાસ, ત્સોમગો તળાવ, એમજી માર્ગ, તાશી વ્યૂપોઈન્ટ, ગણેશ ટોક, હનુમાન ટોક અને એન્ચેય મઠ.

સંસ્કૃતિ: નેપાળી, ભૂટિયા અને લેપ્ચા સમુદાયોનું મિશ્રણ અહીં જોવા મળે છે.હવામાન: ઉનાળામાં હવામાન ખુશનુમા હોય છે, જ્યારે શિયાળામાં ખૂબ ઠંડુ હોઈ શકે છે. પરિવહન: નજીકનું એરપોર્ટ બાગડોગરા છે અને રેલ્વે સ્ટેશન ન્યૂ જલપાઈગુડી (NJP) છે, જ્યાંથી ગંગટોક રોડ દ્વારા પહોંચી શકાય છે. ગંગટોક કુદરતી સૌંદર્ય, સંસ્કૃતિ અને સાહસ (જેમ કે રિવર રાફટીંગ, ટ્રેકિંગ)નું અદ્ભુત મિશ્રણ છે.

ભાજપના કાર્યકર્તાઓ દ્વારા

# દીવ હવાઈ મથકે કેબીનેટ મંત્રી મનસુખ માંડવિયાનું સન્માન કરાયું: ગુજરાતની સ્વરાજ ચૂંટણી જીતવા બદલ અભિનંદન પાઠવ્યા








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૩૦**

આજ રોજ દીવ હવાઈ મથક ખાતે ભારતીય જનતા પાર્ટીના પૂર્વ પ્રમુખ શ્રી બીપીનભાઈ શાહ, દીવ મ્યુનિસિપલ પૂર્વ પ્રમુખ શ્રીમતિ હેમલતાબેન, દીવ જિલ્લા મહિલા મોરચાના પૂર્વ પ્રમુખ શ્રીમતિ અનસુયાબેન, પ્રદેશ ભાજપ યુવા ઉપપ્રમુખ શ્રી મિહિર કેતન મંત્રી, શ્રી હિરેનભાઈ, જિલ્લા યુવા મોરચાના મહામંત્રી શ્રી દિનેશભાઈ, મ્યુનિસિપલ કાઉન્સિલર શ્રીમતી વનેશરીબેન તેમજ પાર્ટીના કાર્યકર્તાઓએ ભારત સરકારના કેબિનેટ મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાનું સન્માન કર્યું અને સાથે સાથે ગુજરાતની સ્વરાજ્ય ચૂંટણી જીતવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## કેન્દ્રશાસિત દીવ ખાતે ભગવાન નરસિંહ જન્મોત્સવ ધુમધામથી ઉજવાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૩૦**



કેન્દ્રશાસિત પ્રદેશ દીવના સુથારવાડા સ્થિત રામ મંદિર ખાતે આજે ધામધૂમથી નરસિંહ ભગવાનની જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. દીવમાં ભગવાન નરસિંહની ઉજવણી ખૂબ જ શ્રદ્ધા અને ઉત્સાહ સાથે કરવામાં આવે છે. નરસિંહ જયંતિ વૈશાખ મહિનાના શુક્લ પક્ષની ચતુર્દશીના દિવસે ઉજવવામાં આવે છે, જ્યારે ભગવાન વિષ્ણુએ હિરણ્યકશ્યપનો વધ કરવા માટે નરસિંહ અવતાર લીધો હતો.

દીવ ખાતે સુથાર સમાજ સંચાલિત રામ મંદિર ખાતે નાટ્ય રૂપાંતર દ્વારા નરસિંહ ભગવાન તથા હિરણ્યકશ્યપનું લોકો સમક્ષ અવતરણ જોવા મળ્યું હતું.

આ નાટ્ય રૂપાંતરમાં નરસિંહ ભગવાનના સાક્ષાત દર્શન થયા હોય તેવો અનુભવ થયો હતો ભગવાન નરસિંહના દર્શન કરવા બહોળી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહી આ નાટ્યરૂપાંતર જોઈ ધન્યતા અનુભવી હતી.

આજના દિવસે નરસિંહ ભગવાન પોતે અવતરણ કરી હિરણ્યકશ્યપનો વધ કરી પ્રહલાદને ઉગાર્યો હતો. આ બંને પાત્ર ભજવનારમાં અદ્રશ્ય શક્તિનો સંચાર થાય છે, આ તમામ દ્રશ્ય લોકો નિહાળી ધન્યતા અનુભવે છે આ પ્રસંગે દરેક જ્ઞાતિના લોકો મોટી સંખ્યા ઉપસ્થિત રહ્યા હતા. ભગવાન નરસિંહનો જયકારાથી રામમંદિર ગુંજી ઉઠ્યું હતું.

## દિલ્હી-નોઈડામાં અચાનક વાતાવરણમાં આવ્યો પલટો:ભારે તોફાન અને કરા સાથે વરસાદ વરસ્યો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૩૦**

દિલ્હી-NCR માં જોરદાર ગરમી વચ્ચે ગુરુવારે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો છે. બપોર સુધી ભેજ અને અસહ્ય ગરમી બાદ જોરદાર વાવાઝોડા સાથે વરસાદ વરસ્યો છે.

કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. દિલ્હીને અડીને આવેલા ગાઝિયાબાદમાં કરા પડ્યા છે. હવામાન વિભાગે પહેલાથી જ વરસાદની આગાહી કરી હતી. હવામાન વિભાગે આગામી ત્રણ કલાકમાં દિલ્હી-એનસીઆર વિસ્તારોમાં વરસાદની ચેતવણી પણ જારી કરી છે.



ગુરુવારે રાજધાનીના સફદરજંગમાં લઘુત્તમ તાપમાન ૨૫.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે આંતરરાષ્ટ્રીય હવામાન વિભાગે દિવસ દરમિયાન કેટલાક સ્થળોએ વાવાઝોડાની આગાહી કરી છે. અન્ય હવામાન કેન્દ્રોના ડેટા અનુસાર, પાલમમાં લઘુત્તમ તાપમાન ૨૪.૯ ડિગ્રી સેલ્સિયસ, લોધી રોડમાં ૨૩.૬ ડિગ્રી સેલ્સિયસ, રિજમાં ૨૫ ડિગ્રી સેલ્સિયસ અને આયાનગરમાં ૨૪.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. મહત્વપૂર્ણ તાપમાન ૩૬ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની ધારણા છે, અને આગાહીઓ દર્શાવે છે કે કેટલાક સ્થળોએ વાવાઝોડા આવી શકે છે.

હવામાન વિભાગે આગામી ત્રણ કલાકમાં ઘણા વિસ્તારોમાં વરસાદની ચેતવણી જારી કરી છે. IMD અનુસાર, ઉત્તર દિલ્હી, ઉત્તર-પૂર્વ દિલ્હી (નરેલા, બાવાના, અલીપુર, બુરારી) અને NCR માં કેટલાક સ્થળોએ ગાજવીજ અને વીજળી સાથે ખૂબ જ હળવો વરસાદ પડવાની પ્રબળ સંભાવના છે. આ ઉપરાંત, હરિયાણાના રાજૌંદ, પાણીપત અને ગન્નૌર અને ઉત્તર પ્રદેશના કાંધલા અને બરૌતમાં હળવાથી મધ્યમ વરસાદ અને વીજળી પડવાની સંભાવના છે. પ્રી-મોનસૂન (Pre-Monsoon) ના કારણે હવામાનમાં પલટો આવ્યો છે. દેશના ઘણા રાજ્યોમાં હવામાનમાં પરિવર્તનની અસર જોવા મળી હતી જેના કારણે વરસાદની સીઝન ફરી શરૂ થઈ ગઈ છે. નિષ્ણાતોએ ૨૦૨૬ માટે પણ રેકોર્ડબ્રેક વરસાદની આગાહી કરી હતી. જોકે, અલ નીનો વરસાદ પર અસર કરે તેવી શક્યતા નકારી શકાય નહીં. દરમિયાન, પ્રી-મોન્સૂન હવે દેશમાં એક નવી શૈલી બતાવશે.

## દીવની બુચરવાડા શાળાના ૨૦ નેવલ NCC કેડેટ્સ CATC માટે વેરાવળ રવાના




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૩૦**

સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળા, બુચરવાડાના નેવલ NCC યુનિટના ૨૦ કેડેટ્સ શ્રી સોમનાથ સંસ્કૃત વિશ્વ વિદ્યાલય, વેરાવળ ખાતે આયોજિત દસ દિવસીય સંયુક્ત વાર્ષિક તાલીમ શિબિર (CATC)માં ભાગ લેવા માટે આજે રવાના થયા હતા.

આ શિબિર ૩૦ એપ્રિલથી ૯ મે ૨૦૨૬ સુધી ચાલશે. શિબિરમાં કેડેટ્સને ડ્રિલ, નેવલ તાલીમ, હથિયાર પ્રશિક્ષણ, આપત્તિ વ્યવસ્થાપન, ફર્સ્ટ એઈડ, ફાયરિંગ અને નેતૃત્વ વિકાસની તાલીમ આપવામાં આવશે.



રવાના થતાં પહેલા શાળાનાં એનસીસી અધિકારી શ્રી હર્ષદભાઈ મકવાણાએ તમામ કેડેટ્સને NCC યુનિફોર્મ, સ્પોર્ટસ કિટ્સ અને અન્ય જરૂરી સામગ્રી આપવામાં આવી હતી. કેડેટ્સને શિસ્ત, એક્તા અને દેશસેવાની ભાવના સાથે શિબિરમાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા.આ શિબિર કેડેટ્સના સર્વાંગી વિકાસ અને રાષ્ટ્રીય ભાવનાને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

**અંદાજે ૧૫૦૦થી વધુ પાણીપુરીની લારીઓ કાર્યરત છે**

## પાણીપુરીની લારીઓ પર લાગશે ક્યુઆર કોડ

**ખાદ્યપદાર્થોની ગુણવત્તા જાળવવા માટે એક મહત્વપૂર્ણ અને આવકારદાયક નિર્ણય લેવામાં આવ્યો છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ,તા.૩૦**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના ખાદ્યપદાર્થોની ગુણવત્તા જાળવવા માટે એક મહત્વપૂર્ણ અને આવકારદાયક નિર્ણય લેવામાં આવ્યો છે. હવે શહેરની સ્ટ્રીટ ફૂડની લારીઓ પર ક્યુઆર કોડ લગાવવામાં આવશે, જેના દ્વારા ગ્રાહકો ફૂડની ગુણવત્તા અંગે સીધો જ પોતાનો પ્રતિસાદ એટલે કે ફિડબેક આપી શકશે.

અમદાવાદમાં અંદાજે ૧૫૦૦થી વધુ પાણીપુરીની લારીઓ કાર્યરત છે. અગાઉ આરોગ્ય વિભાગ દ્વારા લેવામાં આવેલા પાણીપુરીના સેમ્પલ ટેસ્ટિંગમાં ‘અનસેફ’ જાહેર થયા હતા, જેને પગલે અનેક લારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

આ બાબતને ગંભીરતાથી લઈને AMC દ્વારા પાયલોટ પ્રોજેક્ટ તરીકે સૌપ્રથમ પાણીપુરીની લારીઓ પર આ QR કોડ સિસ્ટમ લાગુ કરવામાં આવશે. ત્યારબાદ તબક્કાવાર રીતે અન્ય સ્ટ્રીટ ફૂડની લારીઓ પર પણ આ વ્યવસ્થા શરૂ કરાશે.

દરેક રજિસ્ટર્ડ લારી પર એક વિશિષ્ટ QR કોડ પ્રદર્શિત કરવામાં આવશે. ગ્રાહકો તેને સ્કેન કરીને ફૂડની ગુણવત્તા, સ્વચ્છતા અને પીરસવાની પદ્ધતિ વિશે પોતાનો અભિપ્રાય આપી શકશે. આ ડેટા સીધો કોર્પોરેશનના આરોગ્ય વિભાગ પાસે પહોંચશે, જેના આધારે જે-તે લારી ધારક સામે જરૂરી સૂચના અથવા કાર્યવાહી કરી શકાશે.

એએમસીના ઈન્ચાર્જ એડિ. હેલ્થ ઓફિસર ડો. તેજશ શાહે જણાવ્યું કે, લોકો સ્ટ્રીટ ફૂડ ખાતા હોય છે. તો જાહેર જનતા આપણે ફીડબેક આપી શકે છે. જે તે જગ્યાએ પીરસવામાં આવતું ફૂડ કેવું છે. તેના માટે સિસ્ટમ ડેવલોપ કરી રહ્યા છે. ગુણવત્તા અને શુદ્ધી અંગે જાહેર જનતા ફીડબેક આપી શકે છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**મોટી દમણની આંબાવાડીના...**

માતા-બાળ આરોગ્ય સેવા, ૧૦૦ ટકા રસીકરણ અભિયાન, પોલિયો નિવારણ અભિયાન તેમજ આરોગ્ય જાગૃતિ કાર્યક્રમોમાં તેમણે અગ્રણી ભાગ ભજવ્યો હતો. તેમના અવિરત પ્રયત્નોથી વિસ્તારમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિમાં વધારો થયો છે અને આરોગ્ય સેવાઓનો વ્યાપ નોંધપાત્ર રીતે વિસ્તર્યો છે. વિશેષ કરીને COVID-૧૯ મહામારી દરમિયાન તેમણે અગ્રપંક્તિમાં રહી નિષ્ઠાપૂર્વક સેવા આપી હતી. ઘર-ઘર સર્વે, દર્દીઓની દેખરેખ, રસીકરણ કામગીરી તેમજ લોકોને જાગૃત કરવાની કામગીરીમાં તેમણે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, જે તેમના સમર્પણ અને માનવતાભર્યા સ્વભાવને દર્શાવે છે.

આરોગ્ય ક્ષેત્ર સિવાય પણ તેઓ સમાજસેવામાં સક્રિય રહ્યા છે. તેમણે ભિલાડ મહીલા મંડળના અધ્યક્ષ તરીકે સતત ૬ વર્ષ સુધી સેવા આપી, જેમાં મહિલાઓના સશક્તિકરણ અને સામાજિક વિકાસ માટે નોંધપાત્ર કાર્ય કર્યું છે. તેમની નિષ્ઠાપૂર્વકની સેવાઓ બદલ તેમને અનેક પ્રતિષ્ઠિત સન્માનો મળ્યા છે, જેમ કે પોલિયો એવોર્ડ, લાયન્સ ક્લબ એવોર્ડ તથા નર્સિંગ ક્ષેત્રનો પ્રતિષ્ઠિત ફ્લોરેન્સ નાઈટિંગલ એવોર્ડ. તાજેતરમાં દેશભરના હજારો નર્સોમાંથી પસંદગી પામી તેમને વિશેષ સન્માન પ્રાપ્ત થયું, જે તેમની દીર્ઘકાળીન સમર્પણ અને શ્રેષ્ઠ કાર્યક્ષમતાનું પ્રતિબિંબ છે.

સહકર્મીઓ, આરોગ્ય વિભાગના અધિકારીઓ અને સ્થાનિક નાગરિકો દ્વારા તેમની નિઃસ્વાર્થ અને સમર્પિત સેવાઓ માટે હાર્દિક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમની સેવા યાત્રા આરોગ્ય ક્ષેત્રે કાર્યરત યુવા પેઢી માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશે. નિવૃત્તિના આ પ્રસંગે, શ્રીમતી સરોજબેન ફકીરભાઈ પટેલને તેમના ઉત્તમ સ્વાસ્થ્ય, આનંદમય અને શાંતિપૂર્ણ જીવન માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**દમણની વાત્સલ્ય સ્કૂલમાં...**

સંસ્થાઓમાં પાણીનો બગાડ ઘટાડવા માટે ‘એરેટર’ના ઉપયોગને પ્રોત્સાહિત કરવાનો હતો. શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્ટાફ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ટકાઉ પાણી વપરાશ અંગે ઉપયોગી માર્ગદર્શન મેળવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે રોટન. નિલેશ શાહ, ગવર્નર ૨૦૨૬-૨૭, RI ડિસ્ટ્રિક્ટ ૩૦૬૦ હાજર રહ્યા. તેમણે આ પહેલની પ્રશંસા કરી અને પર્યાવરણ જાગૃતિ ફેલાવવામાં શૈક્ષણિક સંસ્થાઓની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો.

મુખ્ય વક્તવ્ય એન્જિ.શ્રી રાજેશભાઈ ધાબુવાલા, ઈમિડિયેટ પાસ્ટ ચેરમેન, IPA સુરત તથા IAPMO પ્રમાણિત ટ્રેનર દ્વારા આપવામાં આવ્યું હતું. જેમાં તેમણે નાની પરંતુ અસરકાર રીતો જેમકે ટોટીમાં એરેટર લગાવવાથી પાણી બચત શક્ય બને છે,તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. વિદ્યાર્થીઓને માત્ર સિદ્ધાંત પુરતું જ નહીં પરંતુ પ્રાયોગિક માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને એરેટર વિશે સમજાવીને તેમને શાળાના બેસિન અને પીવાના પાણીના ટોટી પાસે લઈ જઈ જીવંત પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તેમાં એરેટર વગર અને એરેટર સાથે પાણીના પ્રવાહમાં થતાં ફેરફારને દેખાડવામાં આવ્યો.જેથી વિદ્યાર્થીઓને પાણી બચતની અસરકારકતા સરળતાથી સમજાઈ અને તેઓ તેને પોતાના દૈનિક જીવનમાં અપનાવી શકે.

આ પ્રસંગે IPA સુરતના પ્રતિનિધિઓ તરીકે એન્જિ.શ્રી નિમેષભાઈ મહેતા (ચેરમેન), એન્જિ. શ્રી રાજેશભાઈ ધાબુવાલા (ઈમિડિયેટ પાસ્ટ ચેરમેન), એન્જિ. અનિલભાઈ સોરઠિયા (વાઈસ ચેરમેન), એન્જિ. શ્રી જબીરભાઈ ચોકસી (હોનોરરી સેક્રેટરી), એન્જિ. શ્રી વિજયભાઈ ભટ્ટ (હોનોરરી ટ્રેઝરર) અને એન્જિ. રાજેન્દ્રભાઈ પટેલ (એક્ઝિક્યુટિવ કમિટી સભ્ય) ઉપસ્થિત રહ્યા હતા.તથા શાળાની તરફથી શ્રીમતી નિમિષા પાઠક (ડિરેક્ટર), શ્રીએ. સુબ્બારાવ (ઇનચાર્જ પ્રિન્સિપલ) તેમજ રોટરી ક્લબના સભ્યો ઉપસ્થિત રહ્યા અને આવાં કાર્યક્રમો સતત આયોજિત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમના અંતે તમામ ઉપસ્થિતોએ પાણી બચત માટે સંકલ્પ લીધો અને ટકાઉ ભવિષ્ય નિર્માણ માટે સહયોગ આપવાની પ્રતિજ્ઞા લીધી હતી.

**(પહેલાં પાનાનું ચાલુ)** **સંઘપ્રદેશની મહિલા ક્રિકેટર...**

ટુર્નામેન્ટ માટે પસંદગી થવા બદલ ત્રણેય યુવા મહિલા ક્રિકેટરોને શુભકામના આપી હતી અને ભવિષ્યમાં સદૈવ મહિલા રમત-ગમત સ્પર્ધાઓમાં આગળ વધવા માટે પ્રેરિત કર્યા હતા અને દાનહ પ્રશાસન તરફથી ભવિષ્યમાં દરેક સંભવ સહાયતા આપવાનું આશ્વાસન પણ આપ્યું હતું. આ અવસરે દાનહ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી નિશા ભવરે પણ તેજસ્વી યુવા મહિલા ક્રિકેટરોને શુભકામના પાઠવી હતી અને મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા પર ભાર આપ્યો હતો. યુવા મહિલા ખેલાડીઓને સદૈવ આગળ આવવા માટે પ્રેરિત કરી ભેટ આપી સન્માનિત કરવામાં આવી હતી. ક્રિકેટ ખેલાડીઓએ જણાવ્યું હતું કે, એમને સફળ બનાવવામાં દાનહ જિલ્લા પ્રશાસન અને રમત-ગમત વિભાગનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.

શ્રી વત્સલ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત ક્રિકેટ એસોસિએશન(જીસીએ) એ બીસીસીઆઈ બોર્ડની એક પેનલ કમિટી છે. જેમાં દસ જિલ્લા અને એક કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ પણ સામેલ છે. દાનહ ક્રિકેટ એસોસિએશને પસંદગીકર્તા અધિકારી શ્રી ચેતનભાઈ પટેલનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા સ્તરની ટીમમાં સૌથી નાની ઉંમરની ૧૨ વર્ષની ક્રિકેટ ખેલાડી કુ. રિદ્ધિ રાજપૂત, ૧૪ વર્ષીય કુ. ઈશિકા માંગેલા-દમણ અને ૧૭ વર્ષની કુ. સંધ્યા વરઠા-સાયલી જેઓએ અમદાવાદ ક્રિકેટ સ્પર્ધામાં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ હતું.

# વલસાડ જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતના અધ્યક્ષસ્થાને આઈસીડીએસ વિભાગનો જિલ્લા કક્ષાનો વર્કશોપ યોજાયો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૩૦**

વલસાડ જિલ્લા પંચાયત હસ્તકની મહિલા અને બાળ વિકાસ શાખા દ્વારા જિલ્લા કક્ષાના એક વિશેષ વર્કશોપનું આયોજન જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં જિલ્લાના આંગણવાડી કેન્દ્રોની કામગીરી અને પોષણક્ષમ યોજનાઓના અસરકારક અમલીકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વર્કશોપના મુખ્ય ચર્ચાના વિષયોમાં કુપોષણ મુક્ત જિલ્લાનું લક્ષ્ય, CMAM અને EGF માર્ગદર્શિકા, આંગણવાડી સુધારણા, ડિજિટલ ગવર્નન્સનો સમાવેશ થયો હતો.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતે વલસાડ જિલ્લાને કુપોષણ મુક્ત બનાવવા માટે 'પોષણ સંગમ' (Nutrition Sangam) કાર્યક્રમના ત્રીજા તબક્કાના અમલીકરણ પર ભાર મૂક્યો હતો. જે અંતર્ગત ગંભીર કુપોષિત

## આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ અંતર્ગત ૧,૪૦૦ જેટલા કેન્દ્રોના રિનોવેશન અને માળખાગત સુવિધાઓની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી

(SAM) અને મધ્યમ કુપોષિત (MAM) બાળકોના વ્યવસ્થાપન માટે 'કમ્યુનિટી બેઝ્ડ મેનેજમેન્ટ ઓફ એક્યુટ માલન્યુટ્રિશન' (CMAM) અને 'અર્લી ગ્રોથ ફોલ્ટરિંગ' (EGF) માર્ગદર્શિકા અંગે આરોગ્ય અને ICDS સ્ટાફને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાજેતરમાં હાથ ધરવામાં આવેલી 'આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ' અંતર્ગત ૧,૪૦૦ જેટલા કેન્દ્રોના રિનોવેશન અને માળખાગત સુવિધાઓની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. પોષણ ટ્રેકર (Poshan Tracker) અને TeCHO+ જેવા ડિજિટલ પ્લેટફોર્મ પર ડેટા એન્ટ્રીની ચોકસાઈ અને પારદર્શિતા જાળવવા સૂચના આપવામાં આવી હતી.

આ પ્રસંગે આઈ.સી.ડી.એસ.ના જિલ્લાના પ્રોગ્રામ ઓફિસર નિલમ પટેલ દ્વારા પોષણ સંગમ કાર્યક્રમ હેઠળ કુપોષિત બાળકોના સમુદાય આધારિત વ્યવસ્થાપનને વધુ અસરકારક બનાવવા માટે વિભાગો વચ્ચેનું સંકલન અને ક્ષમતા વર્ધન અનિવાર્ય હોવાનું જણાવ્યું હતું. તેમણે ઉપસ્થિત તમામ અધિકારી અને કર્મચારીઓને ટેકનોલોજીના માધ્યમથી વહીવટમાં પારદર્શિતા લાવવા અને નિયત સમયમર્યાદામાં લક્ષ્યાંકો પૂર્ણ કરવા માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વલસાડ જિલ્લામાં કુપોષણના પ્રમાણમાં ઘટાડો લાવવા માટે તમામ સ્ટાફને પ્રતિબદ્ધતા સાથે કામ કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

આ વર્કશોપમાં ડૉ.એ. કે. સિંઘ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, આરોગ્ય શાખા, વલસાડ દ્વારા આઈસીડીએસ અને આરોગ્યના ડેટા સંકલન માટે મહત્વપૂર્ણ સૂચનો આપવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આરોગ્ય વિભાગ અને ICDS વિભાગના પરસ્પર સંકલનથી જ જિલ્લાના બાળકોના પોષણ સ્તરમાં સુધારો લાવી શકાશે. કુપોષણ મુક્ત વલસાડના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે ગ્રામ્ય સ્તરે આંગણવાડી કાર્યકર અને આશા બહેનો દ્વારા માઈક્રો પ્લાનિંગ કરી પ્રત્યેક જોખમી બાળકની સઘન મુલાકાત લેવા સૂચના આપી હતી.

વર્કશોપમાં જિલ્લાના આઈસીડીએસ અને આરોગ્ય શાખાના ૧૮૦થી વધુ અધિકારી તથા કર્મચારીઓ હાજર રહ્યા હતા. જેમાં બંને શાખા દ્વારા કુપોષણ અંગે સઘન પગલા હાથ ધરી નક્કર પરિણામો મેળવવાના વિષયે ગહન ચર્ચા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન દર્શાલી પટેલ, જિલ્લા કો-ઓર્ડીનેટર, પોષણ અભિયાન દ્વારા કરવામાં આવ્યું હતું.

# જી.એચ. એન્ડ ડી.જે. સાર્વજનિક હાઈસ્કૂલ બગવાડા ખાતે વિદાય તથા સન્માન સમારંભ યોજાયો

## શિક્ષિકા સોહિનીબેનનો વિદાય સમારંભ અને વ્યાયામ શિક્ષક નયનકુમાર ભગવાનભાઈ ટંડેલનું સન્માન કરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૩૦**

શ્રી બગવાડા પરગણા જૈન એજ્યુકેશન સોસાયટી સંચાલિત શેઠ જી.એચ. એન્ડ ડી.જે. સાર્વજનિક હાઈસ્કૂલ, બગવાડામાં તારીખ ૨૮/૦૪/૨૦૨૬ના રોજ શાળાના પ્રાથમિક વિભાગના શિક્ષિકા સોહિનીબેનના વિદાય સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત શાળાના સંગીત શિક્ષક શૈલેષભાઈ, ભાવેશભાઈ અને શિક્ષિકાઓ દ્વારા સુંદર પ્રાર્થનાથી રજૂ કરવામાં આવી. શાળાના આચાર્યા અલ્પાબેન નાયક દ્વારા આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. સોહિણીબેનની શાળામાં સેવાની નોંધ લઈ શુભેચ્છા પાઠવી હતી. ત્યાર બાદ શાળાના વ્યાયામ શિક્ષક નયનકુમાર ભગવાનભાઈ ટંડેલે કે જેવો દિલ્હી મુકામે યોજાયેલી ૧૦મી નેશનલ માસ્ટર્સ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ગોળા ફેંક ચક્ર ફેંકમાં ગોલ્ડ મેડલ મેળવી શાળા અને સમગ્ર વિસ્તારનું નામ રાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું તે માટે સંચાલક મંડળ અને શાળા પરિવાર દ્વારા નયનભાઈનુ સન્માન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ શાળાના શિક્ષકો દ્વારા સંચાલકમંડળ તથા આમંત્રિત મહેમાનોનું સ્વાગત શાળાની પ્રણાલી મુજબ પુસ્તક દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના સંચાલક મંડળના પ્રમુખ કેતનભાઈ શાહ અને મંત્રી દિનેશભાઈ શાહે નિવૃત્ત થનાર શિક્ષિકા સોહિનીબેનને શાબ્દિક શુભેચ્છા પાઠવી હતી. ટ્રસ્ટી આસિતભાઈ શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાજલબેન દ્વારા સોહિનીબેનને કુમકુમ અક્ષત કરી શ્રીફળ આપવામાં આવ્યું હતું. સન્માન પત્રનું વાંચન વૈશાલીબેન દ્વારા કરવામાં આવ્યું હતું. સંચાલક મંડળ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. આચાર્યા દ્વારા સન્માન પત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

સોહિનીબેનની દીકરીઓએ ભાવુકતાપૂર્વક શુભેચ્છા પાઠવી. ત્યારબાદ સોહિનીબેને પોતાની ૨૬ વર્ષની દીર્ઘ કાલિન શૈક્ષણિક સેવાના સુખદ સંભારણા યાદ કર્યા હતાં.

કાર્યક્રમને અંતે શૈલેષભાઈ દ્વારા આભારવિધિ કરવામાં આવી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિક અંકિતાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં સમગ્ર સંચાલક મંડળ અને શાળા પરિવારનો સહયોગ રહ્યો હતો.

# વાપી આર. કે. દેસાઈ કોલેજીસ બી.સી.એ. વિભાગની ગૌરવભરી સિદ્ધિ, ગોલ્ડ મેડલ મેળવ્યો




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૦**

વાપી સ્થિત આર.કે. દેસાઈ અચ્છારીવાલા કોલેજ ઓફ કમ્પ્યુટર એન્ડ એપ્લાઈડ સાયન્સના બી.સી.એ. વિભાગે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન એક ગૌરવસભર સિદ્ધિ નોંધાવી છે. માર્ચ-એપ્રિલ ૨૦૨૬માં યોજાયેલી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને કોલેજનું નામ ગૌરવભેર ઉજ્જવળ બનાવ્યું છે.

બી.સી.એ. સેમેસ્ટર-૬માં 'Internships' વિષયમાં વિદ્યાર્થી પાર્થ દિલીપભાઈ પટેલ, કલાલ નિકિતા ગોવિંદા, રાજપુરોહિત પૂજા તથા ઈપ્પીલી શ્યામસુંદરરાવે પૂર્ણ ગુણ પ્રાપ્ત કરી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી હતી. સાથે સાથે 'Major Project' વિષયમાં વિદ્યાર્થી કલાલ નિકિતા ગોવિંદા અને ચૈતાલી મહામુંકરે પણ પૂર્ણ ગુણ મેળવી શ્રેષ્ઠતા સાબિત કરી હતી.

આ વિદ્યાર્થીઓએ તમામ સંલગ્ન કોલેજોમાંથી સર્વોચ્ચ ગુણ પ્રાપ્ત કરી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ગોલ્ડ મેડલ મેળવી સંસ્થાનું નામ રોશન કર્યુ છે.આ સિદ્ધિ સમગ્ર કોલેજ પરિવાર માટે ગૌરવનો વિષય બની છે.

આ પ્રસંગે સંસ્થાના ચેરમેન શ્રી મિલનભાઈ દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડો. મિત્તલ શાહ, બીસીએ વિભાગના એચ.ઓ.ડી. નેહા પટેલ તેમજ સર્વ અધ્યાપક મંડળે વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવી તેઓના ઉજ્જવળ ભવિષ્ય માટે શભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

# ભિલાડમાં કિતાવત પરિવાર દ્વારા જૈન ભવનનું ખાતમુહૂર્ત કરાયું

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૦**

આજે ભિલાડ ખાતે શ્રી પાર્શ્વનાથ ભગવાન જૈન સંઘ પેઢી સાથે સુમતિબેન ચુનીલાલજી કિતાવત પરિવારના શ્રીમતી પદમાબેન ભરતભાઈ કિતાવત પરિવારે સ્વખર્ચે 'જૈનભવન' તૈયાર કરવાની કામગીરી હાથ ધરી હતી.



જેમાં ઉપાશ્રય, આયંબિલ ભવન, ભોજનશાળા બનાવવા માટે વિશેષ લાભ લીધો હતો. જે હવે તૈયાર કરવાની કામગીરી સાથે આજે 'ખાતમુહૂર્ત સમારોહ પ્રસંગે સવારથી શાસ્ત્રપૂજા, આરતી, શાંતિશાસ્ત્ર ભક્તિ સાથે સાધુ સાધ્વી ગુરુ મહારાજના સાંનિધ્યમાં સમાજ સંઘ ટ્રસ્ટ મંડળ, સૌ સભ્યોએ ભેગા મળી ભવ્ય કાર્યક્રમ સાથે ખાતમૂહુર્તનું આયોજન કરવામાં આવ્યું હતું

# રાજકીય કારકિર્દીની પ્રથમ પરીક્ષા પાસ કરનાર કિરીટભાઈ પટેલનું ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા સન્માન કરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ઓલપાડ, તા.૩૦**

ઓલપાડ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી ૨૦૨૬ અંતર્ગત મુળદ સીટ પરથી ભવ્ય વિજય હાંસલ કરનાર પ્રજાવત્સલ અને શિક્ષણપ્રેમી શ્રી કિરીટભાઈ જયંતિલાલ પટેલ (ગામ-સ્યાદલા)નું આજરોજ તાલુકા પંચાયત કચેરી ખાતે ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શાલ, પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં સંઘનાં પ્રમુખ શ્રી બળદેવભાઈ પટેલે જણાવ્યું કે શ્રી કિરીટભાઈ પટેલે ૨૦૨૬ની ચૂંટણીમાં મુળદ સીટ પરથી જે ભવ્ય જીત મેળવી છે તે તેમની લોકસેવા અને સ્વચ્છ છબીનું પ્રતિબિંબ છે. શિક્ષક સાથે સંગઠનનાં જાગૃત પ્રહરી તરીકે તેમણે શિક્ષણ, આરોગ્ય અને ગ્રામ્ય વિકાસનાં ક્ષેત્રે જે કામો કર્યા છે તેની નોંધ સમગ્ર શિક્ષક આલમ સહિત સમગ્ર તાલુકાએ લીધી છે. આ અવરસે ખાસ ઉપસ્થિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી વિજયભાઈ જરગલિયા તેમજ બી.આર.સી. કો-ઓર્ડિનેટર શ્રી બ્રિજેશભાઈ પટેલે પોતાનાં પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી કિરીટભાઈ પટેલનાં વ્યક્તિત્વની સરાહના કરી તેમની ભવ્ય જીત માટે અભિનંદન પાઠવ્યા હતાં.

સન્માનનો પ્રતિભાવ આપતા શ્રી કિરીટભાઈ પટેલે જણાવ્યું હતું કે, શિક્ષક એ સમાજનો સાચો ઘડવૈયો છે. હું પોતે એક ખેડૂત પુત્ર છું અને શિક્ષણનું મહત્વ સારી રીતે સમજુ છું. આ ચૂંટણીમાં મુળદની જનતાએ મારા પર જે વિશ્વાસ મૂક્યો તેને હું મારા છેલ્લા શ્વાસ સુધી નિભાવીશ. મારા મત વિસ્તારને સુવિધાઓથી સમૃદ્ધ કરવો એ મારો સંકલ્પ છે. તેમણે ઉમેર્યુ હતું કે શિક્ષક સંઘે કરેલું આ સન્માન મારા માટે નહીં, મુળદની જનતાનું સન્માન છે.

પ્રારંભે ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં મહામંત્રી શ્રી મહેન્દ્રસિંહ ઠાકોરે સૌનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. આભારવિધિ સંઘનાં ઉપપ્રમુખ શ્રી સતિષ પરમારે આટોપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભારૂંડી પ્રાથમિક શાળાનાં આચાર્ય શ્રી રાકેશભાઈ મહેતાએ કર્યુ હતું.

## વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ @ સુરત વિશેષ

# વલસાડ જિલ્લાના ધરમપુર-કપરાડામાં બાગાયતી પાકમાં કાચા મંડપની યોજનાથી ગામડાનું અર્થતંત્ર બન્યું મજબૂત

**■ આવક વધારતી આ યોજનાનો છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લામાં ૨૦ હજારથી વધુ ખેડૂતો લાભ લઈ આત્મનિર્ભર બન્યા ■ કાચા મંડપ યોજનાથી ખેડૂતોની આવક વધતા ખરીદ શક્તિ પણ વધી, જીવન ધોરણનું સ્તર ઉપર આવ્યું ■ બે વર્ષ સુધી પાક પણ મળે છે અને વર્ષે રૂ. ૪ થી ૫ લાખ સુધીની આવક પણ થાય છેઃ ખેડૂત ગોપાળભાઈ કુંવર**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૩૦**

સુરત શહેરના આંગણે તા.૧લી મે, ''ગુજરાત ગૌરવ દિવસ''ની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં આત્મનિર્ભર ભારત પર વિશેષ ભાર મુકાઈ રહ્યો છે ત્યારે ગામડાઓ આર્થિક રીતે આત્મનિર્ભર બને તો દેશ પણ આત્મનિર્ભરતાની દિશામાં તેજ ગતિથી આગળ વધી શકે છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ પણ કહ્યું હતું કે, સાચું ભારત ગામડામાં વસે છે. જો ગામડા આર્થિક રીતે સક્ષમ, સ્વાવલંબી અને સ્વચ્છ બનશે, તો જ દેશનો સાચો વિકાસ થશે. ગાંધીજીની વાતને સાર્થક કરતા વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના એવા ગામડાઓની વાતો કરવા જઈ રહ્યા છે કે જેના ખેડૂતોએ રાજ્ય સરકારના બાગાયત વિભાગની કાચા મંડપ યોજનાનો લાભ લઈ ગામડાની કાયાપલટ કરી બાગાયતી પાકની ખેતીથી ગામડાના અર્થતંત્રને મજબૂત બનાવ્યું છે.

રાજ્યના સર્વાંગી વિકાસને ગતિ આપવા, સ્થાનિક વિકાસને પ્રોત્સાહન આપવા, રોકાણ આકર્ષવા અને નવા અવસર ઊભા કરવાના ઉદ્દેશ્ય સાથે યોજાતી વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સના ગૌરવશાળી અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં માર્ગદર્શનમાં રાજ્યમાં ખેતીનો વ્યાપ વધી રહ્યો છે. વલસાડ જિલ્લાના સંપૂર્ણ આદિવાસી ધરમપુર અને કપરાડા તાલુકાની વાત કરીએ તો, બાગાયતી પાક દ્વારા ખેડૂતો આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યા છે. જેમાં રાજ્ય સરકારની કાચા મંડપની યોજનાથી ખેડૂતોનું નસીબ ચમક્યુ છે. છેલ્લા પાંચ વર્ષમાં ૨૦૦૦૦થી વધુ લાભાર્થીઓએ આ યોજનાનો લાભ મેળવી આર્થિક ઉન્નતિના દ્વાર ખોલ્યા છે.

ધરમપુરના આવધા ગામના ખેડૂત ગોપાલભાઈ જાન્યાભાઈ કુંવરે જણાવ્યું કે, પહેલા અમે ગમે તેમ ખેતી કરતા હતા પરંતુ બાગાયત ખાતાના અધિકારીઓએ ગામમાં મુલાકાત કરી પધ્ધતિસર



ખેડૂત
ગોપાલભાઈ જાન્યાભાઈ કુંવર

ખેતી કરવા માટે સમજણ આપી સરકારની વિવિધ યોજનાનો લાભ લેવા માર્ગદર્શન આપ્યુ હતું. આજે આવધા સહિત રાજપુરી, સિદુમ્બર,

**ખાસ લેખ**
**- જિજ્ઞેશ સોલંકી**

ગોરખડા, હનુમતમાળ અને કાંજણપાડા સહિતના અનેક ગામોમાં આજે ૧૦૦૦થી વધુ ખેડૂતો કાચા મંડપ યોજનાથી એટલા સમૃધ્ધ બન્યા કે, પાકુ ઘર બનાવ્યું, બાળકોને ભણાવ્યા, બાઈક અને કાર ખરીદી આર્થિક રીતે સમૃધ્ધ જીવન જીવી રહ્યા છે. એક અંદાજ પ્રમાણે વર્ષે રૂ.૪ થી ૫



ખેડૂત
અશ્વિનભાઈ આર. દળવી

લાખની આવક થઈ રહી છે. રાજ્ય સરકારની આ કાચા મંડપ યોજનાથી ગામડાનું અર્થતંત્ર પણ મજબૂત બન્યુ છે. કપરાડા તાલુકામાં પણ ખડકવાળ, રોહિયાળતલાટ, ચાંદવેગણ, ચાવશાળા, વરવઠ, કરજુન અને વેરીભવાડા ગામમાં અનેક ખેડૂતોએ આ યોજનાના લાભથી જીવન બદલ્યુ છે.

ધરમપુરના આવધા ગામના ખેડૂત અશ્વિનભાઈ આર દળવીએ કહ્યું કે, મારી સાડા ત્રણ એકર જમીનમાં કાચા મંડપ યોજના હેઠળ ટિંડોળા અને પરવળની ખેતી કરી છે. મહિને રૂ.૨૦૦૦૦ થી ૨૫૦૦૦ સુધીની આવક મળે છે. મહિનામાં ચાર વાર પાક લઉં છું અને તેની નિકાસ મુંબઈમાં કરૂ છું. કાચા મંડપ યોજના હેઠળ પરવળ, ફડવળ, કાકડી, દુધી, કારેલા, ટીંડોળા, ગલકા અને તુરિયા સહિતની વેલાવાળા શાકભાજીની ખેતીમાં આખુ વર્ષ પાક લઈ શકાય છે. મંડપ તુટી ન જાય તો બીજા વર્ષે પણ પાક મળે છે.

વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ (VGRC)માં ખેતી ઉપર ભાર મુકાયો છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લાના છેવાડાના વિસ્તારોમાં સર્વાંગી વિકાસના મીઠા ફળ ખેડૂતોને મળી રહ્યા છે જેના કારણે તેના જીવનધોરણના સ્તરમાં પણ આમૂલ પરિવર્તન આવ્યુ છે.

### ગામડામાં બાઈકની ખરીદી વધતા બે ઓટોમોબાઈલ્સ કંપનીએ સર્વે પણ કર્યોઃ નાયબ બાગાયત નિયામક

વલસાડ જિલ્લાના બાગાયત કચેરીના નાયબ બાગાયત નિયામક એન.એન.પટેલે જણાવ્યુ કે, ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવતી કાચા મંડપની યોજના વર્ષ ૨૦૦૭-૦૮માં અમલમાં મુકાઈ હતી. આ એવી યોજના છે કે, જેમાં ખેડૂતની આવક વધી જ છે, ખોટ નથી ગઈ. જેના કારણે ખેડૂતો સમૃધ્ધ બન્યા છે. તમને જાણીને આશ્ચર્ય થશે કે, આવધા સહિતના આસપાસના ગામોમાં બાઈકની ખરીદી વધતા બે ખાનગી ઓટોમોબાઈલ્સ કંપનીને સર્વે કર્યો હતો કે, આ ગામડાઓમાં આટલા બધા પ્રમાણમાં બાઈકની ખરીદી કેવી રીતે થઈ? જેમાં તારણ બહાર આવ્યું કે, કાચા મંડપ યોજનાથી ખેડૂતોની આવક વધતા તેઓ ખરીદી કરી શકયા હતા.

### શું છે કાચા યોજના મંડપ યોજના

ગુજરાત સરકારના બાગાયત ખાતાની કાચા મંડપ ટામેટા/મરચાં અને અન્ય શાકભાજીના ટ્રેલીઝ યોજનાની યુનિટ કોસ્ટ હેક્ટર દીઠ રૂ.૫૨,૦૦૦ છે. સામાન્ય ખેડૂતને ખર્ચના ૫૦ ટકા મુજબ મહત્તમ રૂ.૨૬૦૦૦/ હે. સહાય, અનુ.જાતિ તથા અનુ.જનજાતિના ખેડૂતોને ખર્ચના ૭૫ ટકા મુજબ મહત્તમ રૂ.૩૯,૦૦૦/ હે. સહાય, દેવીપૂજક લાભાર્થીને ખર્ચના ૯૦ ટકા મુજબ મહત્તમ રૂ.૪૬,૮૦૦/ હે. સહાય અને આજીવન એકવાર ખાતા દીઠ વધુમાં વધુ ૨.૦ હે.ની મર્યાદમાં સહાય મળે છે. કાચા મંડપ માટે લાકડા/વાંસના ટેકા, જીઆઈ વાયર અને પ્લાસ્ટીક વાયરનો ઉપયોગ કરવાનો રહેશે. આ યોજનામાં ૦.૧૦ હે.વાવેતર વિસ્તારથી ૨.૦ હેક્ટર વિસ્તાર માટે સહાય મળવાપાત્ર રહેશે.

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# શિક્ષણ એવો દીપક છે જે ગમે તેવા અંધકારને અજવાશથી ભરી દે, તેમ છતાં બાળવિવાહની પ્રથા આજે પણ ખતમ થઈ શકી નથી

**બાળવિવાહ રોકવા એ માત્ર સરકારની જ જવાબદારી નથી, બલકે, જાગૃત સમાજના રૂપમાં સામૂહિક કર્તવ્ય છે એ રખે ભુલાતું**

**રા**જા રામમોહનરાય અને ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર જેવા સમાજ સુધારકોએ ૧૯મી સદીમાં સામાજિક સુધારા માટે ચળવળ ચલાવી હતી. સતી પ્રથા ઉપરાંત બાળવિવાહનું દૂષણ વ્યાપક હતું, એવા યુગમાં તેમણે સામાપૂરે તરવા જેવી કઠિન જહેમત લીધી હતી. સમયાંતરે શિક્ષણનો વ્યાપ વધ્યો, સમજણે વિકસતી થઈ એટલે આ બંને સામાજિક બદી પર ઘણે અંશે લગામ આવી શકી. શિક્ષણ એવો દીપક છે જે ગમે તેવા અંધકારને અજવાશથી ભરી દે, તેમ છતાં બાળવિવાહની પ્રથા આજે પણ ખતમ ન થઈ શકી. કચ્છ સહિત ગુજરાત અને બીજાં રાજ્યોમાં સમયાંતરે આવા કિસ્સાઓ બનતા રહે છે. આ વાતની ચર્ચા અને ચિંતા કરવાનું નિમિત્ત પૂરું પાડ્યું છે મહારાષ્ટ્રની ઘટનાએ... છેલ્લાં બે વર્ષમાં મહારાષ્ટ્રના સોલાપુરમાં પાલિકા આરોગ્ય કેન્દ્ર, સરકારી હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલમાં ૮૫ જેટલી સગીર વયની છોકરીઓને પ્રસૂતિ થઈ હોવાનું સામે આવ્યું છે. પોલીસખાતાએ તરત હરકતમાં આવી કામગીરી હાથ ધરી અને સોલાપુર, કોલ્હાપુર અને પૂણેની હોસ્પિટલોમાં નાની વયે માતા બનનાર ૩૪ છોકરી વિશેની માહિતી સંતાડનારા ડોક્ટરો સામે ગુના નોંધી છોકરીઓનાં માતા-પિતા-સંબંધીઓ વિશે તપાસ હાથ ધરી છે. આના પગલે બાળ અધિકારોનાં સંરક્ષણ માટેનાં રાજ્યનાં કમિશને રાજ્ય સરકારને ભલામણ કરી છે કે, કંકોતરીમાં વર અને કન્યાની જન્મતારીખ લખવાનું ફરજિયાત કરવાનો આદેશ આપો. સ્પષ્ટ છે કે, મહારાષ્ટ્ર જેવા પ્રગતિશીલ રાજ્યમાં પણ બાળવિવાહનું પ્રમાણ કેટલું વ્યાપક છે. હાલ, નાસિક તથા અન્ય સ્થળોએ ઢોંગી બાબાઓ દ્વારા મહિલાઓના થતાં જાતીય શોષણના સમાચારો મથાળાંમાં છે, સ્ત્રીઓ પર થતા અત્યાચાર અને માનસિક-શારીરિક સતામણીના કિસ્સા પણ સતત બન્યા છે. આવામાં, બાળવિવાહ અને કુમળી વયે માતા બનતી કન્યાઓનું દૂષણ ચિંતાજનક છે. મહિલા અને બાળકલ્યાણ વિભાગના આંકડા મુજબ છેલ્લાં વર્ષમાં બાળવિવાહ અટકાવવાના કિસ્સામાં ૫૬૬ ટકા જેટલો વધારો થયો છે અને એકલા ૨૦૨૪-૨૫ના વર્ષમાં ૧૨-૪૬ બાળલગ્ન રોકવામાં આવ્યાં હતાં. જો કે, આ બાળલગ્નો સાથે સંકળાયેલો ગંભીર મુદ્દો છે સગીર વયની છોકરીઓનું પ્રસૂતા થવું. માતા-પિતા અંધશ્રદ્ધા કે સામાજિક દબાણને કારણે દીકરીઓને કાચી વયે પરણાવી દે, પણ ડોક્ટરો હોસ્પિટલમાં આવી બાળાઓની પ્રસૂતિ કરાવે અને પાછી આ વાત સંતાડે એ ગંભીર બાબત છે. આ દૂષણ રોકવા માટે કંકોતરીમાં વર અને કન્યાની જન્મતારીખ લખવાનું ફરજિયાત કરવાનું સૂચન યોગ્ય છે. જો કે, આવાં લગ્નો કરાવતાં માતા-પિતા તથા સંબંધીઓ અને પવિત્ર વ્યવસાયને બટ્ટો લગાડનારા ડોક્ટરો સામે કડક કાર્યવાહી થાય એ વધુ મહત્ત્વનું છે. બાળવિવાહ સંબંધી કાયદામાં કડક જોગવાઈઓ છે, પણ તેના પર વાસ્તવમાં કેટલો અમલ થાય છે, એ બાબત શંકાના ઘેરામાં છે. આથી, આ દિશામાં સૌથી પહેલાં સુધારા થાય તો જ કંઈક નક્કર પરિણામ આવી શકે. ભારતમાં લગ્નની લઘુતમ વય પુરુષ માટે ૨૧ વર્ષ અને મહિલા માટે ૧૮ વર્ષ નિર્ધારિત કરાઈ છે. સમાજમાં શિક્ષણનો અભાવ, અજ્ઞાનતા, ગરીબી, પરંપરાનાં નામે બાળવિવાહનું દૂષણ નાબૂદ નથી થયું. સરકારે 'બેટી બચાવો, બેટી પઢાઓ'ના નારા સાથે અભિયાન હાથ ધર્યું છે. બાળવિવાહ રોકવા એ માત્ર સરકારની જ જવાબદારી નથી, બલકે, જાગૃત સમાજના રૂપમાં સામૂહિક કર્તવ્ય છે એ રખે ભુલાતું.

### 'ભાજપના ચાણક્ય' અમિત શાહે બનાવ્યો માસ્ટર પ્લાન

# 'મિશન પંજાબ'ની તૈયારી શરૂ: ડ્રગ્સ વિરુદ્ધ ભાજપની જાગૃતિ યાત્રાઓ શરૂ કરવામાં આવશે

**આગામી વર્ષે ફેબ્રુઆરીમાં યોજનારી પંજાબ વિધાનસભા ચૂંટણી સુધી દર મહિને અમિત શાહ રાજ્યનો પ્રવાસ કરશે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૦:** પશ્ચિમ બંગાળમાં પચાસથી વધુ રેલીઓ અને રોડ શો કરીને લગભગ પંદર દિવસના પ્રવાસ પછી દિલ્હી પહોંચતાં જ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે હવે મિશન પંજાબની તૈયારી શરૂ કરી દીધી છે. તેઓ હવે આગામી વર્ષે ફેબ્રુઆરીમાં યોજાનારી પંજાબ વિધાનસભા ચૂંટણી સુધી દર મહિને રાજ્યનો પ્રવાસ કરશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ૫ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ પૂરી થતાં જ અમિત શાહે હવે પંજાબ પર પૂરું ધ્યાન કેન્દ્રિત કરવાનો નિર્ણય કર્યો છે. આગામી વર્ષે ફેબ્રુઆરીમાં ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા અને મણિપુરની સાથે પંજાબમાં પણ વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે. બાકીના ચાર રાજ્યોમાં ભાજપની સરકાર છે, પરંતુ પંજાબમાં ભાજપ પોતાની જમીન મજબૂત કરવાના રસ્તા શોધી રહી છે. આ જ કારણે ભાજપના ચાણક્ય કહેવાતા અમિત શાહે હવે પંજાબ પર ફોકસ કરવાનો નિર્ણય લીધો છે.



સૂત્રોના જણાવ્યા અનુસાર, અમિત શાહનું મિશન પંજાબ મે મહિનાથી શરૂ થઈ જશે. તેઓ મે મહિનામાં પંજાબનો પ્રવાસ કરશે. આ દરમિયાન રાજ્યભરમાં ડ્રગ્સ વિરુદ્ધ ભાજપની જાગૃતિ યાત્રાઓ શરૂ કરવામાં આવશે. ભાજપે ડ્રગ્સને મોટો મુદ્દો બનાવીને રાજ્યભરમાં જનજાગૃતિ અભિયાન ચલાવવાનો નિર્ણય કર્યો છે. એક ભાજપ નેતાના જણાવ્યા અનુસાર, ભારતીય જનતા પાર્ટી પંજાબ સાથે સમગ્ર દેશમાં ડ્રગ્સ વિરુદ્ધ યુદ્ધ છેડી રહી છે અને આ યુદ્ધની શરૂઆત પંજાબથી જ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, અમિત શાહ લાંબા સમયથી પંજાબમાં ડ્રગ્સ વિરુદ્ધ યાત્રા કાઢવાની યોજના પર કામ કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૬માં જ્યારે ભાજપ-અકાલી ગઠબંધન સરકાર હતી, ત્યારે પણ પાર્ટી અધ્યક્ષ તરીકે તેઓએ આ યાત્રા કાઢવાનો નિર્ણય લીધો હતો, પરંતુ અંદરના કારણોસર તે સમયે તેને મુલતવી રાખવામાં આવ્યો હતો. હવે ફરી એક વાર અમિત શાહ ડ્રગ્સને મોટો મુદ્દો બનાવીને આમ આદમી પાર્ટીની સરકારને આ મુદ્દે ઘેરવાની રણનીતિ તૈયાર કરી રહ્યા છે. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ડ્રગ્સને મોટો મુદ્દો બનાવ્યો હતો અને તેની જીતમાં આને પણ મોટું કારણ માનવામાં આવ્યું હતું. પરંતુ વિરોધી પક્ષોનો આરોપ છે કે આપ સરકાર આ મોરચે સંપૂર્ણપણે નિષ્ફળ નીવડી છે.

આમ આદમી પાર્ટીના સાત રાજ્યસભા સાંસદોના આવવાથી પણ ભાજપના મિશન પંજાબને મદદ મળી છે. ખાસ કરીને રાઘવ ચઢ્ઢા અને સંદીપ પાઠક આપની અંદરની માહિતી હવે ભાજપ સુધી પહોંચાડશે. તેમ છતાં ભાજપના નેતાઓ કહે છે કે, હાલમાં એન્ટી-ઈન્કમ્બન્સીનો સામનો કરી રહેલા આમ આદમી પાર્ટીના ધારાસભ્યોને સાથે લેવાનું કોઈ પ્લાનિંગ નથી. જોકે, કોંગ્રેસ અને શિરોમણિ અકાલી દળમાંથી કેટલાક નેતાઓ ભાજપમાં આવી શકે તેવી સંભાવના છે. ભાજપે પંજાબમાં અકાલી દળ સાથે ગઠબંધન ન કરવાનો નિર્ણય લીધો છે. પાર્ટી એકલા જ ચૂંટણી લડશે. ભાજપનું માનવું છે કે રાજ્યમાં તેના વિસ્તારની ઘણી ગુંજાઈશ છે.

અમિત શાહે આ વર્ષે માર્ચ મહિનામાં મોગામાં 'બદલાવ રેલી' દ્વારા ભાજપના ચૂંટણી અભિયાનની શરૂઆત કરી દીધી હતી. તેમણે લોકોને યાદ કરાવ્યું હતું કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને પંજાબમાં ૧૯ ટકા વોટ મળ્યા હતા. તેમણે કહ્યું હતું કે, જે રાજ્યમાં ભાજપને ૧૯ ટકા વોટ મળે છે, તે રાજ્યમાં પછીથી તે સરકાર બનાવે છે — જેમ કે ઓડિશા, મણિપુર, અસમ, ત્રિપુરા અને ઉત્તરાખંડમાં થયું છે.

ગૌરવપૂર્ણ વાત એ છે કે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને પંજાબમાં ૧૮.૫૬ ટકા વોટ મળ્યા હતા, જે ૨૦૧૯ના ૯.૬૩ ટકાની સરખામણીમાં લગભગ ડબલ હતા. તેમ છતાં ભાજપ કોઈ લોકસભા સીટ જીતી શક્યું નહીં. ભાજપે જલંધર, લુધિયાણા અને પટિયાલા જેવી શહેરી બેઠકો પર સારી હાજરી દર્શાવી હતી અને રાજ્યની ૧૧૭ વિધાનસભા બેઠકોમાંથી ૨૩ બેઠકો પર આગળ રહી હતી.

૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું. આમ આદમી પાર્ટીની આંધીમાં ભાજપ માત્ર ૨ સીટ પઠાણકોટ અને સુઝાનપુર જ જીતી શક્યું હતું. તેને માત્ર ૬.૬ ટકા મત મળ્યા હતા.

### ચૂંટણી પંચ પર કોંગ્રેસના પ્રહાર

# 'એક્ઝિટ પોલ એક મોટું રેકેટ છે, CEC જ્ઞાનેશ કુમાર પક્ષપાતી'

**જયરામ રમેશે ગંભીર આક્ષેપ કરતા કહ્યું કે, 'ચૂંટણી પંચે આ ચૂંટણીઓમાં નિષ્પક્ષ કામગીરી નિભાવી નથી**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૦** પશ્ચિમ બંગાળ સહિત પાંચ રાજ્યોના ગઈકાલે જાહેર થયા એક્ઝિટ પોલ જાહેર થયા બાદ કોંગ્રેસનું નિવેદન સામે આવ્યું છે. કોંગ્રેસે એક્ઝિટ પોલને રેકેટ ગણાવ્યું છે અને ચૂંટણી પર પક્ષપાત કરવાનો આક્ષેપ કર્યો છે. એક્ઝિટ પોલ મુજબ, બંગાળ અને આસામમાં ભાજપની જીત થવાની અને તમિલનાડુમાં દ્રવિડ મુન્નેત્ર કઝગમ (DMK), કેરળમાં લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF), પુડુચેરીમાં ભાજપ ગઠબંધનની સરકાર બનવાની શક્યતા છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે કહ્યું કે, 'એક્ઝિટ પોલના તારણો રેકેટ જેવા અને ખોટા છે. હવે મત આપવાનો અધિકાર ખતરામાં આવી ગયો છે.' ગઈકાલે એક્ઝિટ પોલના તારણો જાહેર કરાયા હતા, જેમાં આસામમાં ભાજપ, કેરળમાં કોંગ્રેસ-ડાબેરી, તમિલનાડુમાં ડીએમકેને સત્તા જ્યારે પશ્ચિમ બંગાળમાં ત્રિશંકુ વિધાનસભાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. જયરામ રમેશે ગંભીર આક્ષેપ કરતા કહ્યું કે, 'ચૂંટણી પંચે આ ચૂંટણીઓમાં નિષ્પક્ષ કામગીરી નિભાવી નથી. જેટલો મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે પક્ષપાત કર્યો છે, તેવું અગાઉ ક્યારેય થયું નથી. તેઓ અગાઉના અગાઉના ચૂંટણી કમિશનર કરતા વધુ પક્ષપાતી છે. અગાઉના સીઈસીના સમયથી પક્ષપાત શરૂ થયો હતો. અમે ચૂંટણી લડવાની સાથે ચૂંટણી પંચ સાથે પણ લડી રહ્યા હતા. અમે સંસદમાં રજૂ કરેલા મહાભિયોગ પ્રસ્તાવમાં જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ ૯ આક્ષેપો કર્યા છે.' તેમણે એમ પણ કહ્યું કે, 'અમે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવા માટે સંસદમાં ફરી મહાભિયોગ પ્રસ્તાવ લાવીશું. હવે સમય આવી ગયો છે કે, મત આપવાના અધિકારને મૌલિક અધિકાર બનાવાવનો સમય આવી ગયો છે. મત આપવો નાગરિકોનો બંધારણીય અધિકાર છે. ભારતનું બંધારણ બનાવવામાં યોગદાન આપનાર નંદલાલ બોઝના પરિવારનું નામ પણ મતદાર યાદીમાં સામેલ નથી.'

કોંગ્રેસ નેતાએ વધુમાં કહ્યું કે, 'પાત્ર ભારતીય નાગરિકોને મત આપવા અધિકારથી વંચિત કરવામાં આવી રહ્યા છે. ગૃહમંત્રીએ જે ૩ઙનો ઉલ્લેખ કર્યો હતો, તેનો અર્થ શોધો, હટાવો અને દેશમાંથી કાઢો હતો. તમે કેટલાક બિન-ભારતીયોને શોધ્યા, કેટલાને હટાવ્યા અને કેટલાને દેશમાંથી કાઢ્યા ? હવે મત આપવાનો અધિકાર ખતરામાં છે.'

ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ બંગાળ, કેરળ, તમિલનાડુ, આસામ, પુડુચેરીમાં વિધાનસભાની ચૂંટણીનું મતદાન પૂર્ણ થઈ ગયું છે, બુધવારે પશ્ચિમ બંગાળમાં બીજા અને અંતિમ તબક્કામાં ભારે ગરમી વચ્ચે પણ રેકોર્ડ ૯૨.૪૭ ટકા મતદાન થયું હતું. હવે આ તમામ રાજ્યોના ચૂંટણી પરિણામો ચાર મેના રોજ જાહેર કરવામાં આવશે, એવામાં વિવિધ એજન્સીઓ દ્વારા હાથ ધરાયેલા એક્ઝિટ પોલ જાહેર કરવામાં આવ્યા છે. જે મુજબ આસામમાં ભાજપ, કેરળમાં કોંગ્રેસ-ડાબેરી, તમિલનાડુમાં ડીએમકેને સત્તા જ્યારે પશ્ચિમ બંગાળમાં ત્રિશંકુ વિધાનસભાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે.





# ઉદ્ધવ ઠાકરેની જીદ બાદ I.N.D.I.A ગઠબંધનમાં પણ ભારે ખેંચતાણ: કોંગ્રેસે આપેલા સંકેતથી ટેન્શન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૩૦:** ઉદ્ધવ ઠાકરેએ આ વખતે વિધાન પરિષદના સભ્ય ન બનવાનો નિર્ણય લીધો છે. તેમના સ્થાને ઉદ્ધવ સેના ઈચ્છે છે કે અંબાદાસ દાનવેને ગૃહમાં મોકલવામાં આવે. ઉદ્ધવ ઠાકરે ઠાકરે પરિવારના એવા પ્રથમ સભ્ય હતા જે ગૃહમાં પહોંચ્યા હતા. તે સમયે એવી ચર્ચાએ પણ જોર પકડ્યું હતું કે, આ એક ખોટી પરંપરા છે અને તે બાલાસાહેબ ઠાકરેની વિચારધારાથી અલગ છે, કારણ કે તેઓ પોતે ક્યારેય કોઈ પણ ગૃહમાં ચૂંટાયા નહોતા. આવી સ્થિતિમાં ઉદ્ધવ ઠાકરેના આ નિર્ણયને પોતાની ભૂલ સુધારવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યો છે. આ વચ્ચે એવી માહિતી પ્રાપ્ત થઈ રહી છે કે ભલે ઉદ્ધવ ઠાકરે વિધાન પરિષદના સભ્ય બનવા ન માંગતા હોય, પરંતુ I.N.D.I.A ગઠબંધન હવે તેમના સ્થાને ઉદ્ધવ સેનાના અન્ય કોઈ નેતાના નામ પર સહમત નથી દેખાઈ રહ્યું.

**વિધાન પરિષદમાં જો કોંગ્રેસ પક્ષ પોતાના ઉમેદવાર માટે દબાણ બનાવશે તો એ નક્કી છે કે પરસ્પર ખેંચતાણ શરૂ થઈ જશે**

કોંગ્રેસે સંકેત આપ્યો છે કે જો ઉદ્ધવ ઠાકરે પોતે ગૃહમાં નહીં જાય, તો તે પોતાનો ઉમેદવાર ઉતારી શકે છે. મહારાષ્ટ્રમાં નવ વિધાનસભા બેઠકો ખાલી પડી રહી છે અને તેમાં બેઠક જ વિપક્ષી ગઠબંધન જીતવાની સ્થિતિમાં છે. આવી સ્થિતિમાં એક અનાર સો બીમાર જેવી સ્થિતિ સર્જાઈ રહી છે. ઉદ્ધવ ઠાકરે મોટા નેતા છે, તેથી કોઈ તેમની બેઠક પર દાવો નહોતું કરી રહ્યું, પરંતુ હવે જ્યારે તેઓ પાછળ હટી રહ્યા છે, ત્યારે કોંગ્રેસની આશાઓ વધી રહી છે. ૨૦૨૦માં જ્યારે ઉદ્ધવ ઠાકરે મુખ્યમંત્રી બન્યા હતા ત્યારે NCP અને કોંગ્રેસે તેમને વિધાનસભા પરિષદમાં જવા માટે કહ્યું હતું. આમ ત્રણેય પક્ષો સત્તા માટે એકજૂઠ થયા હતા, પરંતુ હવે જ્યારે વિપક્ષમાં છે ત્યારે એક-એક બેઠક માટે સંઘર્ષની સ્થિતિ બની રહી છે.

તાજેતરમાં, કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ હર્ષવર્ધન સકપાલે ઉદ્ધવ ઠાકરે સાથે મુલાકાત કરી હતી અને કહ્યું હતું કે, તમે ખુદ ચૂંટણીમાં ઉતરો. આ ઉપરાંત તેમણે એવો પણ સંકેત આપ્યો હતો કે જો સેના પ્રમુખ પોતે વિધાન પરિષદમાં નહીં જાય તો કોંગ્રેસ પોતાનો ઉમેદવાર ઉતારવા માગે છે. બુધવારે હર્ષવર્ધન સકપાલ દિલ્હીમાં હતા અને પાર્ટીના વરિષ્ઠ નેતાઓ સાથે મુલાકાત કરી હતી. એવું માનવામાં આવે છે કે તેમણે હાઈકમાન્ડ પાસે એ માગ કરી છે કે હવે ઉદ્ધવ ઠાકરે દ્વારા ખાલી કરાયેલી બેઠક માટે કોંગ્રેસે પોતાનો ઉમેદવાર મેદાનમાં ઉતારવો જોઈએ.

આવી સ્થિતિમાં જો કોંગ્રેસ પક્ષ પોતાના ઉમેદવાર માટે દબાણ બનાવશે તો એ નક્કી છે કે પરસ્પર ખેંચતાણ શરૂ થઈ જશે. કોંગ્રેસની એ દલીલ એ પણ છે કે આખરે ઉદ્ધવ સેના તેના સાથી પક્ષોને વિશ્વાસમાં લીધા વિના એકપક્ષીય નિર્ણય કેવી રીતે લઈ શકે છે. આટલું જ નહીં કોંગ્રેસના અન્ય નેતા ભાઈ જગતાપે તો દાનવે સામે ઉમેદવાર જ ઉતારવાની વાત કરી છે. તેમણે કહ્યું કે આ મામલે સાચો અભિપ્રાય રહેશે, પરંતુ મને એટલી જાણકારી છે કે, અંબાદાસ દાનવે વિરુદ્ધ કોંગ્રેસ પોતાનો ઉમેદવાર ઉતારી શકે છે. હવે આ મામલો રસપ્રદ બનતો જાય છે કારણ કે વિપક્ષમાં વિભાજનને કારણે ભાજપ અને શિવસેના પણ એક વધારાનો ઉમેદવાર ઉતારી શકે છે.

# પશ્ચિમ બંગાળમાં ૨૨૬ થી વધુ બેઠકો જીતીશું : મમતા બેનર્જી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા, તા.૩૦:** પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીઓ સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. રાજ્યમાં પ્રથમ તબક્કામાં ૧૫૨ બેઠકો માટે ૨૩ એપ્રિલે મતદાન થયું હતું. બીજા અને અંતિમ તબક્કામાં ૨૯ એપ્રિલે ૧૪૨ બેઠકો માટે મતદાન થયું હતું. પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીના બંને તબક્કા માટે મતદાન ૯૨% થી વધુ નોંધાયું હતું, જે એક રેકોર્ડ છે. પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પછી જાહેર થયેલા લગભગ તમામ એક્ઝિટ પોલમાં ભાજપ આગળ છે, જ્યારે તૃણમૂલ કોંગ્રેસ (TMC) પાછળ છે. જોકે, ગુરુવારે, તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીએ એક વીડિયો સંદેશ જાહેર કર્યો અને ચૂંટણી પરિણામો વિશે મહત્વપૂર્ણ દાવો કર્યો. પશ્ચિમ બંગાળની ચૂંટણીઓ પછી મુખ્યમંત્રી મમતા બેનર્જીએ એક મોટું નિવેદન આપ્યું હતું. મતગણતરી પહેલાં એક વીડિયો સંદેશ જાહેર કરીને મમતા બેનર્જીએ જાહેર કર્યું કે ૨૦૨૬ ની ચૂંટણીમાં TMC ૨૨૬ થી વધુ બેઠકો જીતશે. તેમણે કહ્યું કે બંગાળમાં "મા-માટી-માનુષ"ની સરકાર બનશે. મમતા બેનર્જીએ ભાજપ પર આરોપ લગાવતા કહ્યું કે કેન્દ્ર સરકારે પોતાની આખી મશીનરી લગાવી દીધી પણ જીત અમારી જ હતી. તેમણે કહ્યું કે ૧૯ રાજ્યોના ભાજપના નેતાઓ બંગાળના લોકોને ડરાવવા આવ્યા હતા. મમતા બેનર્જીએ પોતાના ભાષણની શરૂઆત બંગાળના લોકોને શુભેચ્છાઓ, અભિવાદન અને શુભકામનાઓ આપીને કરી. તેમણે તીવ્ર ગરમી અને હિંસા છતાં મતદાન કરવા માટે લાઈનમાં ઉભા રહેલા લોકો પ્રત્યે આભાર વ્યક્ત કર્યો અને તેમનો આભાર માન્યો. તેમણે "પોતાનો જીવ જોખમમાં મૂકનારા" અને મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરનારા પક્ષના કાર્યકરોનો પણ આભાર માન્યો. તેમણે એવો પણ દાવો કર્યો કે તૃણમૂલ કોંગ્રેસ (TMC) આ ચૂંટણીમાં ૨૨૬ થી વધુ બેઠકો જીતશે. ચૂંટણી પછી જાહેર થયેલા લગભગ તમામ એક્ઝિટ પોલ મુજબ, એવા સંકેતો છે કે ભાજપ પહેલીવાર પશ્ચિમ બંગાળમાં સત્તામાં આવશે. મેટ્રિઝ દ્વારા જાહેર કરાયેલા એક્ઝિટ પોલ મુજબ, ભાજપ પશ્ચિમ બંગાળમાં ૧૪૬ થી ૧૬૧ બેઠકો જીતી શકે છે અને સરકાર બનાવી શકે છે. દરમિયાન, શાસક તૃણમૂલ કોંગ્રેસ ચૂંટણીમાં ૧૨૫ થી ૧૪૦ બેઠકો સુધી જીતી શકે છે. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં અન્ય પક્ષો ૬ થી ૧૦ બેઠકો જીતવાનો અંદાજ છે. પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પરિણામો ૪ મેના રોજ જાહેર કરવામાં આવશે. રાજ્યમાં કુલ ૨૯૪ વિધાનસભા બેઠકો છે, અને કોઈપણ પક્ષને બહુમતી હાંસલ કરવા માટે ૧૪૮ બેઠકો જીતવી આવશ્યક છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

## ૨ મે, શનિવારના રોજ ભારતીય ટીમની જાહેરાત કરાશે

# મહિલા T20 વર્લ્ડ કપનું આયોજન ઇંગ્લેન્ડ કરશે

### ઓપનિંગ મેચ ઇંગ્લેન્ડ અને શ્રીલંકા વચ્ચે રમાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૦:** મહિલા T20 વર્લ્ડ કપ ૨૦૨૬નું આયોજન ઈંગ્લેન્ડ કરશે, જેમાં ૧૨ ટીમો ભાગ લેશે, જેને છ ટીમોના બે ગ્રુપમાં વહેંચવામાં આવશે. ઈંગ્લેન્ડે પહેલાથી જ પોતાની ટીમની જાહેરાત કરી દીધી છે. જોકે, ભારતે હજુ સુધી ટીમ જાહેર કરી નથી. ત્યારે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ હવે મહિલા ટીમની પસંદગીની તારીખ જણાવી છે, જેની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ભારતીય મહિલા ટીમનું નેતૃત્વ હરમનપ્રીત કૌર કરશે.

૨૯ એપ્રિલના રોજ, BCCIએ એક પ્રેસ રિલીઝ જાહેર કરીને જણાવ્યું હતું કે મહિલા પસંદગી સમિતિ ૨ મે, શનિવારના રોજ મુંબઈમાં BCCI મુખ્યાલય ખાતે ૨૦૨૬ ICC મહિલા T20 વર્લ્ડ કપ માટે ભારતની ટીમની પસંદગી કરશે. પસંદગી બેઠક બાદ એક પ્રેસ કોન્ફરન્સ યોજાશે, જેમાં કેપ્ટન હરમનપ્રીત કૌર, પસંદગી સમિતિના અધ્યક્ષ અમિતા શર્મા અને BCCI સચિવ દેવજીત સૈકિયા ભાગ લેશે.

ભારતીય ટીમ ૧૪ જૂને તેના વર્લ્ડ કપ અભિયાનની શરૂઆત કરશે, જ્યાં 'વિમેન્સ ઈન બ્લુ' પાકિસ્તાનનો સામનો કરશે. વધુમાં BCCI પસંદગી સમિતિ ઈંગ્લેન્ડ સામે ત્રણ મેચની T20 શ્રેણી, ઈંગ્લેન્ડ સામે એક ટેસ્ટ મેચ અને ઈંગ્લેન્ડ 'A' સામે ત્રણ ODI અને ત્રણ T20 મેચ માટે ભારત 'A' ટીમની જાહેરાત કરશે.

મહિલા T20 વર્લ્ડ કપ માટે ૨ ગ્રુપ

ગ્રુપ ૧ : ઓસ્ટ્રેલિયા, ભારત, પાકિસ્તાન, દક્ષિણ આફ્રિકા, બાંગ્લાદેશ અને નેધરલેન્ડ.

ગ્રુપ ૨ : ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ, વેસ્ટ ઈન્ડીઝ, શ્રીલંકા, આયર્લેન્ડ અને સ્કોટલેન્ડ.

ICC મહિલા T20 વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારતીય મહિલા ટીમ ગ્રુપ Aનો ભાગ છે. ભારત ૧૪ જૂન, ૨૦૨૬ના રોજ પાકિસ્તાન સામે રમીને તેના અભિયાનની શરૂઆત કરશે.

## RR કેપ્ટન રિયાન પરાગને દંડ

# રિયાન પરાગને ડ્રેસિંગ રૂમમાં ઈ-સિગારેટના કશ મારવા ભારે પડ્યા




### ડ્રેસિંગ રૂમમાં ઈ-સિગારેટ પીવા બદલ સજા તરીકે રિયાન પરાગની મેચ ફીમાં ૨૫ ટકાનો કાપ મૂકવામાં આવ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૦ :** રાજસ્થાન રોયલ્સના કેપ્ટન રિયાન પરાગને વેપિંગ કરવા બદલ સજાના ભાગરૂપે દંડની જાહેરાત કરવામાં આવી છે. ડ્રેસિંગ રૂમની અંદર ઈ-સિગારેટના કશ લગાવવા બદલ તેને સજા મળી છે. રાજસ્થાન રોયલ્સના કેપ્ટને આ ભૂલ પંજાબ કિંગ્સ સામે ન્યૂ ચંડીગઢમાં રમાયેલી મેચમાં કરી હતી. સોશિયલ મીડિયા પર ત્યારે રિયાન પરાગનો ઈ-સિગારેટ પીતો વીડિયો વાઈરલ થયો હતો, જે બાદ હવે તેની સામે કાર્યવાહી કરવામાં આવી છે. રિયાન પરાગ પર સજા તરીકે મોટો દંડ ફટકારવામાં આવ્યો છે.

ડ્રેસિંગ રૂમમાં ઈ-સિગારેટ પીવા બદલ સજા તરીકે રિયાન પરાગની મેચ ફીમાં ૨૫ ટકાનો કાપ મૂકવામાં આવ્યો છે. એટલે કે તેના પર ૨૫ ટકાનો દંડ લગાવવામાં આવ્યો છે. આ સિવાય તેના ખાતામાં એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરવામાં આવ્યો છે.

IPL 2026 માં રિયાન પરાગ પહેલા પણ ઘણા કેપ્ટનો પર દંડ લાગ્યો છે, પરંતુ વેપિંગ એટલે કે ઈ-સિગારેટ પીવા બદલ દંડ ભોગવનાર રિયાન પરાગ પ્રથમ છે. રિયાન પરાગને IPL ના કોડ ઓફ કન્ડક્ટની કલમ ૨.૨૨ હેઠળ દોષિત માનવામાં આવ્યો છે. તેણે મેચ રેફરી અમિત શર્મા સામે પોતાની ભૂલ પણ સ્વીકારી લીધી છે.

ભારતમાં વેપિંગ એટલે કે ઈ-સિગારેટ વર્ષ ૨૦૧૯ થી જ પ્રતિબંધિત છે. BCCIના નિયમો મુજબ પસંદગીની જગ્યાઓ સિવાય સ્મોકિંગ અને વેપિંગ પર સખત મનાઈ છે. પરંતુ, રિયાન પરાગ ડ્રેસિંગ રૂમમાં જ આ કામ કરી રહ્યો હતો. જેથી કાર્યવાહીના ભાગરૂપે ૨૫ ટકાનો દંડ ફટકારવામાં આવ્યો છે. જો કે રિયાન પરાગ એકમાત્ર ક્રિકેટર નથી જેણે સિગારેટ કે ઈ-સિગારેટ પીધી હોય. તેના પહેલા વર્ષ ૨૦૨૦માં એરોન ફિન્ચ અને SA20 મેચો દરમિયાન એબી ડી વિલિયર્સને પણ આવું કરતા જોવા મળ્યો હતો. ભારતમાં PECA 2019 હેઠળ ઈ-સિગારેટ અને વેપિંગ ડિવાઈસ સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. આ કાયદા હેઠળ દંડ અને જેલની સજાની જોગવાઈ પણ છે.

# દિલ્હી હચમચાવતી ઘટના : ચાર વર્ષના બાળકની સામે જ માતાની હત્યા! પિતા બન્યો જલ્લાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૦**

રાજધાની દિલ્હીના સોનિયા વિહાર વિસ્તારમાંથી હચમચાવી નાખે એવી ઘટના સામે આવી છે. અહીં એક યુવકે પોતાની જ પત્નીની નિર્મમ હત્યા કરી અને હત્યાનો સાક્ષી બન્યો આ દંપત્તીનો ૪ વર્ષનો દીકરો. આ માસૂમને હજુ સરખી રીતે બોલતા પણ નથી આવડતું, તેણે પોતાની નજરે પોતાની માતાનો જીવ જતા જોયો. જે પિતાના ખભા પર બેસીને તે દુનિયા જોવાનું સપનું જોઈ રહ્યો હતો, તે પિતાને તેણે જલ્લાદ બનતા જોયો. આ ઘટના ૨૯ એપ્રિલની છે. પોલીસે હાલ આરોપીની ધરપકડ કરી લીધી છે. ગઈકાલ ગુરુવારે સાંજે સોનિયા વિહારમાં આવેલા એક મકાનમાં જ્યારે ચીસો સંભળાઈ રહી હતી, ત્યારે ઘરના એક ખૂણામાં ઉભેલો ૪ વર્ષનો માસૂમ ધ્રુજતા ધ્રુજતા બધુ જોઈ રહ્યો હતો. રૂમની અંદર તેનો પિતા તેની ૩૧ વર્ષની પત્નીને ઢોર માર મારી રહ્યો હતો. જ્યારે પોલીસ ઘટના સ્થળે પહોંચી, ત્યારે ઘરની અંદરનું દ્રશ્યો જોઈને પોલીસ પણ ધ્રુજી ગઈ હતી. મહિલા જમીન પર લોહીલૂહાણ હાલતમાં પડી હતી અને માસૂમ બાળક માતાના નિર્જીવ શરીરની પાસે ગુમસુમ ઉભો હતો.

પોલીસની ટીમ તાત્કાલિક જગ પ્રવેશ ચંદ્ર હોસ્પિટલમાં લઈ ગઈ. પોલીસકર્મીઓને આશા હતી, કદાચ મહિલા બચી જશે. પરંતુ ડોક્ટરે જોતા જ કહી દીધું, બ્રોટ ડેડ. એટલે કે હોસ્પિટલમાં પહોંચતા પહેલા જ મહિલાનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, મહિલાના શરીર પર જે પ્રકારની ઈજાના નિશાન છે, તેના પરથી લાગી રહ્યું છે કે તેને ઘણી નિર્દયતાથી મારવામાં આવી હતી.

ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી પતિ ઘટના સ્થળેથી ફરાર થવાની તૈયારીમાં હતો, પરંતુ દિલ્હી પોલીસે નાકાબંધી કરીને તેને દબોચી લીધો. હાલ ફોરેન્સિક એક્સપર્ટ્સની ટીમે ઘરમાંથી તમામ પુરાવા એકત્ર કર્યા છે, જે એ વાતના સાક્ષી છે કે તે સાંજે તે બંધ રૂમમાં કેટલી ક્રૂરતા થઈ હતી.

પોલીસ હવે આ કેસમાં સૌથી મહત્વના સાક્ષી એટલે કે તે ૪ વર્ષના બાળકની મદદ લઈ શકે છે. જેના માટે પહેલા તેની કાઉસલિંગ કરાશે. કાયદાના જાણકારોનું કહેવું છે કે, બાળકનું નિવેદન આ કેસને ખૂબ જ મજબૂત બનાવશે. પોલીસ હવે એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે આખરે બંને વચ્ચે કઈ બાબતને લઈને વિવાદ શરૂ થયો હતો. શું સામાન્ય ઝઘડામાં પતિએ પત્નીનો જીવ લીધો કે પછી પતિનું પહેલેથી જ ષડયંત્ર હતું? હાલ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યો છે અને આરોપીની પૂછપરછ કરવામાં આવી રહી છે.

## નોટિસને હાઈકોર્ટે રદ ઠેરવતા મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો

# ઈનકમ ટેક્સની એસેસમેન્ટ નોટિસોમાં ૨૦૨૬ના કાયદા મુજબ કાર્યવાહી કરોઃ સુપ્રીમ કોર્ટે

### ફાઈનાન્સ એક્ટ, ૨૦૨૧ મારફતે રીએસેસમેન્ટ પ્રક્રિયામાં મોટા ફેરફાર આવ્યા છે અને ઈ-એસેસમેન્ટનો અમલ શરૂ થયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૦**

ઈનકમ ટેક્સ એક્ટ અન્વયે અપાયેલી હજારો નોટિસને પ્રભાવિત કરતો મહત્ત્વપૂર્ણ ચુકાદો સુપ્રીમ કોર્ટે આપ્યો છે. અગાઉ હાઈકોર્ટના સંખ્યાબંધ હુકમમાં જ્યુરિસડિક્શનલ એસેસિંગ ઓફિસર (JAO) દ્વારા અપાયેલી રીએસેસમેન્ટ નોટિસને રદ ઠેરવવામાં આવી હતી. હાઈકોર્ટના આ હુકમને ફગાવી દેતાં સુપ્રીમ કોર્ટે આવા તમામ કેસ હાઈકોર્ટમાં પરત મોકલવા અને ફાઈનાન્સ એક્ટ, 2026ની જોગવાઈ અન્વયે તેમાં નવેસરથી ન્યાયિક કાર્યવાહી શરૂ કરવા નિર્દેશ આપ્યા છે.

ચીફ જસ્ટિસ સૂર્ય કાંત, જસ્ટિસ બી વી નાગરત્ન અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીને બેન્ચે વિવિધ હાઈકોર્ટના અલગ-અલગ હુકમોના કારણે ઉદભવેલી સ્થિતિને ધ્યાને રાખી હજારો અપીલના નિકાલ માટે માર્ગદર્શક નિર્દેશો આપ્યા છે. જેના કારણે ઈનકમ ટેક્સ એક્ટ, 1961ની કલમ 148 અને 148એ અન્વયે JAO દ્વારા અપાયેલી નોટિસ તથા રીએસસમેન્ટ પ્રક્રિયાને ગ્રાહ્ય રાખવી કે પછી ફેસલેસ એસેસેન્ટ મિકેનિઝમ મારફતે આવા કેસનો નિકાલ લાવવો તે અંગેની મૂંઝવણ દૂર થઈ છે.

સુપ્રીમે નોંધ્યુ હતું કે, ફાઈનાન્સ એક્ટ, 2021 મારફતે રીએસેસમેન્ટ પ્રક્રિયામાં મોટા ફેરફાર આવ્યા છે અને ઈ-એસેસમેન્ટનો અમલ શરૂ થયો છે. આ પ્રક્રિયામાં વિભાગ દ્વારા ફેસલેસ અને ઓટોમેટિક પ્રક્રિયા હાથ ધરાય છે. તેથી JAOને નોટિસ-કાર્યવાહીના અધિકાર બાબતે વિવાદ ઊભો થયો હતો. વિવિધ હાઈકોર્ટમાં ઈનકમ ટેક્સ રીએસેસમેન્ટના કેસમાં અલગ-અલગ ચુકાદા આવ્યા હતાં.

JAOની નોટિસ અને ફેસલેસ ઓથોરિટીના અધિકારને કેટલાક ચુકાદામાં ગ્રાહ્ય રખાયા હતા, જ્યારે કેટલાક ચુકાદામાં JAOને નોટિસ આપવાના અધિકાર ન હોવાનું ઠરાવાયું હતું. ફાઈનાન્સ એક્ટ, 2026 હેઠળ કાનૂની જોગવાઈઓ લાગુ કરાઈ હતી. આ એક્ટથી JAOની અધિકારક્ષેત્રની સ્પષ્ટતા થઈ છે અને હાઈકોર્ટે એસેસીની તરફેણમાં આપેલા ચુકાદાઓ રદ ઠર્યા છે. આ પ્રકારના કેસોમાં વિવિધ હાઈકોર્ટ્સને 2026ના એક્ટ મુજબ નિર્ણય લેવા માટે સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યા છે.

## યુપીના બિઝનૌર જિલ્લામાંથી હચમચાવી નાખતી ઘટના

# ડિજિટલ અરેસ્ટ થતાં મહિલાએ જીવ આપી દીધો, ડાયરીમાંથી ખુલ્યું રહસ્ય

### લગ્નની વર્ષગાંઠના એક દિવસ પહેલા જ બ્લેકમેલિંગથી પરેશાન મોનિકાએ આત્મહત્યા કરી લીધી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**બિજનૌર, તા.૩૦**

ઉત્તર પ્રદેશના બિઝનૌર જિલ્લામાંથી એક હચમચાવી નાખતી ઘટના સામે આવી છે. જ્યાં ડિજિટલ અરેસ્ટ પીડિતાએ ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી છે. મૃતકની ઓળખ મોનિકા તરીકે થઈ છે. મોનિકાના પરિવારે અંતિમ સંસ્કાર પણ કરી નાખ્યા છે. જે બાદમાં ઘરમાંથી મોનિકાની એક ડાયરી હાથ લાગી છે. સુસાઈડ નોટમાં મોનિકાએ બ્લેકમેલ કરવાની વાત લખી છે.

મોનિકાએ વોટ્સએપ પર કેટલાય નંબર, મેસેજ, ઓડિયો કોલ મળ્યા છે. લગ્નની વર્ષગાંઠના એક દિવસ પહેલા જ બ્લેકમેલિંગથી પરેશાન મોનિકાએ આત્મહત્યા કરી લીધી છે. આ ઘટના બાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. મોનિકાની ડાયરીમાંથી જે સુસાઈડ નોટ મળી છે, તેમાં લખ્યું છે કે, જીવ આપવા માટે મારી મમ્મીનું ધ્યાન રાખજો. ભાભી દરેક જિંદગીમાં તમે મને, મમ્મી-પાપા અને ભાઈ ભાભી મળો અને મારા બાળકોનું ધ્યાન રાખજો. સોરી જિયા, મમ્માને મરવું જ પડશે. એ છોકરાએ બહુ હેરાન કરી છે તમારી મમ્મીને.

ઘટનાની જાણકારી આપતા જિલ્લાના એસપીએ કહ્યું કે આજે ફરીદપુરના રહેવાસી એક યુવકે પોલીસ સ્ટેશનમાં આવેદન આપ્યું છે કે ૨૮ તારીખના સવારે તેની પત્નીએ આત્મહત્યા કરી લીધી હતી. તે સમયે તેમના પરિવાર દ્વારા કોઈ સૂચના નહોતી આપી અને અંતિમ સંસ્કાર કરી લીધા હતા. પણ બાદમાં તેમને જાણકારી થઈ કે મૃતકા એક સુસાઈડ નોટ છોડી છે. જેમાં તેને કોઈ યુવક દ્વારા પરેશાન કરવાનો ઉલ્લેખ કર્યો છે અને તેને જ ઘટનાનું કારણ ગણાવ્યું છે. એસપીએ જણાવ્યું કે જો તે સુસાઈડ નોટમાં તે છોકરાનું નામ, ફોન નંબર વગેરે કોઈ વસ્તુ લખેલી નથી. પણ જ્યારે અમે મૃતકાનો ફોન ચેક કર્યો તો તેમાં બે ત્રણ અજાણ્યા નંબર મળ્યા, જેમાં ચેટ્સ હતી. તેમાંથી એક નંબર પર કોલ કર્યો તો તેને બેક કોલમાં એક વીડિયો કોલ આવ્યો, જેમાં એક યુવકે યુનિફોર્મ પહેર્યો હતો. તેણે આ પરિવારને ધમકાવ્યો હતો, જેણે કોલ કર્યો હતો. આના આધાર પર પરિવારે આશંકા વ્યક્ત કરી કે આ પ્રકરણ સાઈબર અપરાધનું હોઈ શકે છે. તેના આધાર પર પરિવારને ફરિયાદ લેવામાં આવી છે.

### ભારત-રશિયા સહિતના BRICS દેશો ડોનાલ્ડ ટ્રમ્પને આપશે ઝટકો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૦**

ઈરાન અને અમેરિકા વચ્ચે વધતા તણાવને કારણે વૈશ્વિક બજારમાં ભારે અસ્થિરતા જોવા મળી રહી છે. ભારતીય રૂપિયો ડોલર સામે ૯૫ ના સ્તરને પાર કરી જતાં ભારત હવે પોતાની આર્થિક સુરક્ષા માટે સજાગ થયું છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ બ્રિક્સ દેશો સાથે મળીને એક નવી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ વિકસાવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે.

આ નવી પેમેન્ટ સિસ્ટમનો મુખ્ય ઉદ્દેશ્ય પશ્ચિમી દેશો દ્વારા લાદવામાં આવતા પ્રતિબંધો અને અમેરિકી ડોલરની અસ્થિરતાના પ્રભાવને ઓછો કરવાનો છે. આ ફ્રેમવર્ક હેઠળ બ્રિક્સ સભ્ય દેશો (બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકા, ઈજિપ્ત, ઈથોપિયા, ઈન્ડોનેશિયા, ઈરાન અને UAE) સીમા-પારના વ્યવહારો સ્થાનિક ચલણમાં જ પતાવશે. આનાથી ડોલરમાં કન્વર્ટ કરવાની ફી બચશે અને પશ્ચિમી બેંકો પરની નિર્ભરતા ઘટશે. નિષ્ણાંતોના મતે, આ પેમેન્ટ સિસ્ટમ ભારત માટે મહત્વની વસ્તુઓની આયાત કરવા અને નાણાકીય પ્રતિબંધોથી બચવા માટે એક વીમા પોલિસી જેવું કામ કરશે. બ્રિક્સ દેશો પાસે વિશ્વના ૪૨% તેલ અને ૪૦% અનાજનું ઉત્પાદન છે, જે આ જૂથની આર્થિક તાકાત દર્શાવે છે. જોકે, ભારત માટે પડકાર એ છે કે આ પ્લાનથી અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ નારાજ ન થાય. ભારત અમેરિકા સાથે વ્યાપાર કરાર કરવા માટે વાટાઘાટો કરી રહ્યું છે, તેથી ભારતે અમેરિકાને વિશ્વાસમાં લેવું પડશે કે આ સિસ્ટમ ડોલરના વિકલ્પ તરીકે નહીં, પરંતુ માત્ર વ્યવહારોને સરળ બનાવવા માટે છે. નવી દિલ્હીમાં આગામી ૧૪-૧૫ મેના રોજ યોજાનારી બ્રિક્સ વિદેશ મંત્રીઓની બેઠકમાં આ પેમેન્ટ કનેક્ટિવિટીના મુદ્દા પર ગંભીર ચર્ચા થવાની શક્યતા છે.

## ઓઈલ કંપનીઓ ખોટ ખાઈ વેચાણ કરી રહી છે

# પેટ્રોલમાં લીટરે રૂ.૧૪, ડીઝલમાં રૂ.૧૮ની ખોટ

### સલ્ફર અને એમોનિયા જેવા કેમિકલ્સની કિંમતમાં થયેલાં વધારાને કારણે કુદરતી ગેસની કિંમતમાં વધારો થયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૦**

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલાં યુદ્ધને કારણે સર્જાયેલી ઈંધણની કટોકટીની સીધી અસર ઓઈલ કંપનીઓના નફા પર પડી છે. ભારતની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ હાલ પેટ્રોલમાં લીટર દીઠ રૂ. ૧૪ અને ડીઝલમાં રૂ. ૧૮ની ખોટ ખાઈ વેચાણ કરી રહી છે. યુદ્ધને લીધે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવમાં થયેલો વધારો, ઈંધણની રિટેલ કિંમતના ભાવનિયંત્રણને વટાવી જતાં કંપનીઓના નફો સંકાચાયો છે.



પેટ્રોલ અને ડીઝલના વેચાણમાં થઈ રહેલી ખોટ ઉપરાંત અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે ઉર્જાની કિંમતોમાં થયેલાં વધારાને પરિણામે ચાલુ નાણાકીય વર્ષમાં કંપનીઓને રાંધણ ગેસ એલપીજીના વેચાણ પર રૂ. ૮૦,૦૦૦ કરોડની ખોટ જશે. જ્યારે ફર્ટિલાઈઝર સબસિડી રૂ. ૨.૦૫ લાખ કરોડથી વધીને રૂ.૨.૨૫ લાખ કરોડ થવાની સંભાવના છે. બે મહિના અગાઉ પશ્ચિમ એશિયામાં યુદ્ધ શરૂ થયું તે સમયે ક્રૂડનો બેરલ દીઠ ભાવ ૭૦-૭૨ ડોલર જેટલો હતો. વિશ્લેષકોના મતે, આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડના ભાવમાં નોંધાયેલાં તીવ્ર ઉછાળા છતાં ઈંધણના છૂટક ભાવ સ્થિર રહેવાને કારણે ઓઈલ કંપનીઓના નફા પર માઠી અસર પડી છે.

ક્રૂડના બેરલ દીઠ ૧૨૦-૧૨૫ ડોલરના ભાવને કારણે પેટ્રોલ અને ડીઝલ પરની ઓઈલ કંપનીઓને લીટર દીઠ અનુક્રમે, રૂ.૧૪ અને રૂ.૧૮ની ખોટ સહન કરવી પડી રહી છે. કાચા માલની કિંમત તથા ઉર્જા ખર્ચમાં થયેલા વધારાને કારણે ઓઈલ માર્કેટિંગ, ફર્ટિલાઈઝર્સ, કેમિકલ્સ તથા સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટરની નફાકારકતા ખોરવાઈ છે.

નિષ્ણાતોના જણાવ્યાં અનુસાર, કિંમતોમાં જોવાયેલાં તીવ્ર ઉછાળાની અસર ફર્ટિલાઈઝર સેક્ટરમાં પણ જોવા મળી રહી છે. સલ્ફર અને એમોનિયા જેવા કેમિકલ્સની કિંમતમાં થયેલાં વધારાને કારણે કુદરતી ગેસની કિંમતમાં વધારો થયો છે. યુદ્ધ પહેલાં યુરિયા પૂલની કિંમત એમએમબીટીયુ દીઠ ૧૩ ડોલર હતી, જે વધીને હાલ ૧૯ ડોલર થઈ છે. કાચા માલસામાનની કિંમતમાં થયેલાં નોંધપાત્ર ઉછાળો તથા સબસિડીમાં અપૂરતા સુધારાને લીધે ફર્ટિલાઈઝર કંપનીઓનો નફાકારકતા પર પણ અસર જોવાશે.

# નાણા વર્ષ-૨૬માં અદાણી પોર્ટસની આવકલક્ષિત માર્ગદર્શનથી ૨૫% વધી : શેર દીઠ રૂા.૭.૫૦ ડિવીડન્ડની જાહેરાત

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**અમદાવાદ, તા.૩૦**

ભારતની સૌથી મોટી સંકલિત પરિવહન સંચાલક અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ.(APSEZ) એ ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ત્રિમાસી અને સમગ્ર વર્ષના પરિણામો જાહેર કર્યા છે.

તદનુસાર અહેવાલના ગાળામાં વાર્ષિક ધોરણે આવક ૨૫% થી વધુ વધીને રૂા.૩૮,૭૩૬ કરોડ થઈ હતી. એબિડટા વાર્ષિક ધોરણે ૨૦% વધીને રૂા.૨૨,૮૫૧ કરોડ પ્રાપ્ત થયો છે.

અદાણી પોર્ટસએ એક જ વર્ષમાં ૫૦૦ મિલીયન મેટ્રીક ટનથી વધુ પોર્ટ કાર્ગોના વોલ્યુમનું પરિવહન કરનાર પ્રથમ ભારતીય સંકલિત પરિવહન કરનાર કંપની બની છે. અહેવાલના સમય ગાળામાં આવક રૂા.૩૮,૦૦૦ કરોડ, એબિડટા રૂા.૨૨,૮૦૦ કરોડ અને મૂડી ખર્ચ રૂા.૧૧-૧૨હજાર કરોડના માર્ગદર્શનને વટાવી ગયો છે.

સ્થાનિક બંદરોની આવકમાં ૧૩%નો વધારા સાથે બજાર હિસ્સામાં એકંદર ૧૦ bpsનો વધારો થયો છે, અને RoCE ગત નાણા વર્ષ-૨૫ના ૨૧%ની તુલનાએ ૨૩% રહ્યો છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે ઓસ્ટ્રેલિયાના NQXT અને કોલંબોમાં CWITમાં વધારાને કારણે બંદરોની આવક ૩૪% વધી છે., એબિડટા ૧૮૦% વધ્યો છે અને એબિડટા માર્જિન ૨૯%ના સર્વકાલીન ઉચ્ચ સ્તરે હાંસલ થયો છે. ટ્રકિંગ અને આંતરરાષ્ટ્રીય ફ્રેઈટ માળખાની સેવાઓમાં ઝડપી વધારાને કારણે લોજિસ્ટિક્સની આવકમાં ૫૫%નો જોરદાર વધારો થયો છે. ગત નાણા વર્ષ-૨૫ના ૬% RoCE સામે-૨૬માં ૧૦% રહ્યો છે. અહેવાલના સમય ગાળામાં દરિયાઈ આવકમાં ૧૩૪%નો ધરખમ અને એબિડટામાં ૧૨૫%નો ધરખમ વધારો થયો છે., RoCEમાં ૧૩%ની ગણતરીએ જહાજોની સંખ્યા ૧૩૬ રહી છે. ગત વર્ષ-૨૫માં ૧૫% RoCEની સામે નાણા વર્ષ ૨૬માં ૧૬% રહ્યો છે. બોર્ડે નાણા વર્ષ ૨૬ માટે બોર્ડે પ્રતિ શેર રૂા.૭.૫ ડિવિડન્ડની ભલામણ કરી છે.

નાણા વર્ષ-૨૫ અને નાણા વર્ષ-૨૬ના ત્રિમાસી અને વાર્ષિક તુલનાત્મક એકીકૃત નાણાકીય પરિણામ મુજબ ગત ૨૫ના છેલ્લા ત્રિમાસીમાં રૂા.૮,૪૮૮ની આવક સામે નાણા વર્ષ-૨૬ના સમાન ગાળામાં વાર્ષિક ધોરણે ૨૬% વધીને રૂા.૧૦,૭૩૮ કરોડ થઇ હતી. જ્યારે નાણા વર્ષ-૨૫માં વાર્ષિક ધોરણે આવક રૂા.૩૧,૦૭૯ કરોડની સામે વર્ષ-૨૬માં આવક ૨૫% વધી રૂા.૩૮,૭૩૬ કરોડ થઇ છે. નાણા વર્ષ-૨૫ના છેલ્લા ત્રિમાસીમાં વાર્ષિક ધોરણે હાંસલ થયેલા રૂા.૫,૦૦૬ કરોડના એબિડટા નાણા વર્ષ-૨૬ના સરખા ગાળામાં ૨૦% વધીને રૂા.૬,૦૨૦ કરોડ નોંધાયો છે. જ્યારે અનુક્રમે આ સમય ગાળામાં વર્ષ-૨૫ના વાર્ષિક ધોરણે કુલ રૂા.૧૯,૦૨૫ કરોડના હાંસલ થયેલા એબિડટા સામે વર્ષ-૨૬માં ૨૦% વધીને રૂા.૨૨,૮૫૧ કરોડ નોંધાયો છે.

કર બાદનો નફો વર્ષ-૨૫ના ત્રિમાસીમાં વાર્ષિક ધોરણે રૂા.૩,૦૨૩ કરોડ હતો તેની સામે વર્ષ-૨૬ના સમાન સમયમાં ૯% વધીને રૂા.૩,૩૦૮ કરોડ થયો છે. જ્યારે સમગ્ર વર્ષ-૨૫માં વાર્ષિક ધોરણે કર બાદના કુલ રૂા.૧૧,૦૬૧ના નફા સામે પૂરા વર્ષ-૨૬માં ૧૬% વધીને રૂા.૧૨,૭૮૨ કરોડ થયો છે.

અદાણી પોર્ટ્સ અને સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન લિ.ના પૂર્ણકાલિન ડિરેકટર અને સી.ઇ.ઓ. અશ્વની ગુપ્તાએ જણાવ્યું હતું કે ત્રિમાસિક ગાળા દરમિયાન અમારું મજબૂત પ્રદર્શન કંપનીના વ્યવસાયિક મોડેલની સ્થિતિસ્થાપકતા અને વ્યૂહરચનાના શિસ્તબદ્ધ અમલીકરણને ઉજાગર કરે છે. તેમણે કહ્યું હતું કે, વર્તમાન ભૂરાજકીય અસ્થિરતા અને વૈશ્વિક ટેરિફની અનિશ્ચિતતા વચ્ચે અહેવાલના વર્ષના અમારા લક્ષિત માર્ગદર્શનને અમે વટાવ્યો તેમાં વિક્રમજનક ૫૦૦ મિલીયન મેટ્રીક ટનપોર્ટ કાર્ગો વોલ્યુમનો સમાવેશ થાય છે. ગુપ્તાએ ઉમેર્યું હતું કે લોજિસ્ટિક્સ અને મરીન વ્યવસાયો પણ વર્ષ દરમિયાન અનુક્રમે ૫૫% અને ૧૩૪% ના દરે ઝડપથી વૃદ્ધિ પામ્યા છે.

આ અર્થપૂર્ણ પ્રગતિ દર્શાવવા છતાં અમારી વ્યવસાયિક સફર પૂર્ણ થવાથી ઘણી દૂર છે. કંપનીએ નાણા વર્ષ-૩૧ સુધીમાં બમણાથી વધુ આવક અને એબિડટા હાંસલ કરવામાટે એક મજબૂત પાયાનું નિર્માણ કર્યું છે. ડિસેમ્બર ૨૦૩૦ સુધીમાં પોર્ટ કાર્ગોના એક અબજ ટન સુધી પહોંચવા આનુષાંગિક સેવાઓના વિસ્તારનું લક્ષ્ય રાખ્યું છે.

ઈરાને ફરી અમેરિકા-ઈઝરાયલના ધબકારા વધાર્યા

# 'અમારા નવા હથિયારથી હાર્ટએટેક આવી જશે'

**આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવાના ઈરાનના પ્રસ્તાવને ફગાવી દીધો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**તેહરાન, તા.૩૦**

વેસ્ટ એશિયાની જંગમાં ભલે અત્યારે હુમલા અટક્યા હોય, પરંતુ તણાવ હજુ પણ યથાવત છે. શાંતિના પ્રયાસો માટે થઈ રહેલી તમામ વાટાઘાટો લાંબી ખેંચાઈ રહી છે. અમેરિકા અને ઈરાન વચ્ચે અત્યાર સુધી કોઈ સહમતી સધાઈ નથી. આ વચ્ચે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા તેહરાનના નવા પ્રસ્તાવને ફગાવી દેવાતા તણાવ વધી ગયો છે. હવે આ માહોલ વચ્ચે ઈરાની સેનાએ નવા દાવા સાથે સૌને ચોંકાવી દીધા છે. આર્મીએ જણાવ્યું છે કે, તે ટૂંક સમયમાં જ નવા હથિયાર વિશે ખુલાસો કરશે, જેનાથી અમારા દુશ્મનો ફફડી ઉઠશે.

ઈરાનની નૌકાદળે અમેરિકા અને ઈઝરાયલને એક નવા હથિયારથી ધમકી આપી છે. આ સાથે જ મજાક ઉડાવતા કહ્યું કે, અમારા નવા હથિયારથી દુશ્મનોને હાર્ટ એટેક આવી જશે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ટ્રમ્પે હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવાના ઈરાનના પ્રસ્તાવને ફગાવી દીધો છે.

એક અહેવાલ પ્રમાણે ઈરાનના નેવી કમાન્ડર રિયર એડમિરલ શાહરામ ઈરાનીએ કહ્યું કે, ઈસ્લામિક ગણતંત્ર ટૂંક સમયમાં દુશ્મનોને નવા હથિયારથી જવાબ આપશે. આ હથિયાર અંગે વાત કરતા તેમણે કહ્યું કે, દુશ્મનો આનાથી ખૂબ જ ડરે છે. આ હથિયાર તેમના ખૂબ જ નજીક છે અને મને આશા છે કે તેમને હાર્ટ એટેક નહીં આવે.

કમાન્ડરે કહ્યું કે, દુશ્મનોએ ખોટું વિચાર્યું હતું કે ઈરાન સામે તેમની નવી ઉશ્કેરણીવાળી કાર્યવાહીથી ખૂબ જ ટૂંકા સમયમાં તેમના ઈચ્છિત પરિણામો પ્રાપ્ત કરી લેશે. તેમની આ જ વિચારસરણી હવે લશ્કરી એકેડેમીમાં મજાક બની ગઈ છે. જોકે તેમણે અમેરિકા અને ઈઝરાયલ સામે ઈરાનનું નવું હથિયાર શું હશે તે અંગે માહિતી નથી આપી.

નૌસેના કમાન્ડરના જણાવ્યા પ્રમાણે ૨૮ ફેબ્રુઆરીથી સંઘર્ષ તેજ થયા બાદ ઈરાની સશસ્ત્ર દળોએ અમેરિકા અને ઈઝરાયલના ઠેકાણાઓ પર ઓછામાં ઓછા ૧૦૦ જવાબી હુમલા કર્યા છે. તેમનો દાવો છે કે આ હુમલા પશ્ચિમ એશિયાના વિશાળ વિસ્તારમાં ફેલાયેલા સંવેદનશીલ ઠેકાણાઓ પર કરવામાં આવ્યા છે.

તેમણે ચેતવણી આપતા જણાવ્યું કે, જો અમેરિકા પોતાની જિદ ચાલુ રાખશે અને ઈરાનની શરતોને ફગાવી દેશે, તો દુશ્મનને ટૂંકસમયમાં એક અલગ પ્રકારની પ્રતિક્રિયાનો સામનો કરવો પડશે.

શહરામ ઈરાનીએ અમેરિકા પર એવો પણ આરોપ લગાવ્યો હતો કે, સંઘર્ષ દરમિયાન તેણે પોતાની સૈન્ય હાજરી વધારી છે, જેમાં વધારાના યુદ્ધજહાજો અને મિસાઈલ પ્લેટફોર્મ તહેનાત



કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે શરૂઆતી નેવલ એટેક નિષ્ફળ રહ્યા અને તેઓ હજુ પણ ફસાયેલા છે.

# અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે પાકિસ્તાન બરબાદ થયું : શાહબાઝ શરીફ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઈસ્લામાબાદ, તા.૩૦**

દેવાના બોજ તળે દબાયેલું પાકિસ્તાન હવે સંપૂર્ણપણે આર્થિક પાયમાલીના આરે આવી ગયું છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની સૌથી ગંભીર અસર પાકિસ્તાનની અર્થતંત્ર પર પડી છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે પોતે વિશ્વ સમક્ષ કબૂલાત કરી છે કે ઈરાન યુદ્ધે દેશની અર્થતંત્રને લકવાગ્રસ્ત કરી દીધી છે.અહેવાલો અનુસાર, બુધવારે આપેલા એક નિવેદનમાં શાહબાઝ શરીફે જણાવ્યું હતું કે પાકિસ્તાને છેલ્લા બે વર્ષમાં જે પણ આર્થિક સુધારા કર્યા હતા, તે યુદ્ધને કારણે ધૂળમાં મળી ગયા છે. યુદ્ધના કારણે દેશના ઓઈલ ખર્ચમાં ધરખમ વધારો થયો છે. યુદ્ધ પહેલા, પાકિસ્તાન દર અઠવાડિયે ઓઈલ પર આશરે ૩૦ કરોડ યુએસ ડોલર ખર્ચતું હતું. આજે, આ રકમ વધીને ૮૦ કરોડ યુએસ ડોલર થઈ ગઈ છે.પાકિસ્તાનમાં ઉર્જા સંકટ એટલું ઘેરું બન્યું છે કે દેશમાં હવે માત્ર એક અઠવાડિયું ચાલે તેટલો જ કાચા ઓઈલનો જથ્થો બચ્યો છે. ઉર્જા અને નાણા મંત્રાલયના અહેવાલ મુજબ, દેશ પાસે માત્ર ૫ થી ૭ દિવસનો સ્ટોક ઉપલબ્ધ છે. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે સરકારે ઓઈલનો વપરાશ ઘટાડવા લોકોને 'વર્ક ફ્રોમ હોમ'ની સલાહ અપાઈ છે. ખર્ચ ઘટાડવા સરકારી અધિકારીઓ અને મંત્રીઓના પગારમાં કાપ મૂકવામાં આવ્યો છે.શાહબાઝ શરીફના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે પાકિસ્તાન આ યુદ્ધમાં મધ્યસ્થી કરવા માટે અત્યંત બેતાબ છે, કારણ કે યુદ્ધ ચાલુ રહેવું પાકિસ્તાન માટે આત્મઘાતી સાબિત થઈ રહ્યું છે. જોકે, અમેરિકા અને ઈરાન બંનેએ બીજા રાઉન્ડની વાતચીતનો ઈનકાર કરી દેતા પાકિસ્તાનની મુશ્કેલીઓ વધી છે. શરીફે સ્વીકાર્યું હતું કે પાકિસ્તાન એકલું આ સમસ્યાનું સમાધાન લાવી શકે તેમ નથી અને આંતરરાષ્ટ્રીય સમુદાયના સહયોગની જરૂર છે.

ચીનની આશ્ચર્યજનક ઘટનાની મેડિકલ જગતમાં ચર્ચા

# એક માણસ ૪૦ કલાક સુધી હૃદય વિના જીવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**બેઈજીંગ, તા.૩૦**

માણસનું હૃદય ધબકતું બંધ થઈ જાય એની થોડી મિનિટો બાદ ડૉક્ટરો માણસનું મૃત્યુ થયાનું જાહેર કરી દેતા હોય છે. પણ શું એવું બની શકે કે હૃદય ધબકતું બંધ થઈ જાય એ પછી અમુક મિનિટો નહીં પૂરા ૪૦ કલાક સુધી બંધ રહ્યા બાદ હૃદય ફરી ધબકતું થાય? અશક્ય લાગે એવી આ વાત ચીનમાં ખરેખર બની છે. આમ બન્યું એની પાછળ કોઈ જાદુ કે ચમત્કાર નથી, પરંતુ આધુનિક મેડિકલ સાયન્સની એક એવી શક્તિ છે, જે મૃત્યુ સાથે સ્પર્ધા કરે છે.

સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટમાં પ્રકાશિત આ ઘટનાની વિગત એવી છે કે ચીનમાં એક ૪૦ વર્ષના પુરુષનું હૃદય અચાનક બંધ થઈ ગયું હતું. ડૉક્ટરોએ તેને ફરીથી ધબકાવવા ઘણાં પ્રયત્નો કર્યા. ડિફિબ્રિલેશન એટલે કે ઈલેક્ટ્રિક આંચકા પણ આપવામાં આવ્યા, પરંતુ કોઈ ફાયદો થયો નહીં. સામાન્ય રીતે હૃદય બંધ થયાના થોડીક મિનિટોમાં જ મગજને નુકસાન થવા લાગે છે, પરંતુ આ માણસના કેસમાં ડૉક્ટરોએ હાર ન માની. ડૉક્ટરોએ એક ખાસ મશીનનો ઉપયોગ કર્યો જેને ECMO એટલે કે એક્સ્ટ્રાકોર્પોરિયલ મેમ્બ્રેન ઓક્સિજનેશન (ટૂંકમાં એક્મો) કહેવાય છે. આ એક જીવન બચાવતું મશીન છે, જે શરીરની બહાર રહીને કૃત્રિમ હૃદય અને ફેફસાંની જેમ કાર્ય કરે છે. જ્યારે દર્દીનું પોતાનું હૃદય કામ કરતું ન હતું, ત્યારે એક્મો તેના શરીરમાં ઓક્સિજનયુક્ત લોહી પમ્પ કરતું રહ્યું અને લોહીમાંથી કાર્બન ડાયોક્સાઈડ દૂર કરતું રહ્યું. આ એક સફળ તબીબી પ્રક્રિયા હતી જેણે દર્દીને જીવતો રાખ્યો.

દર્દીનું હૃદય લગભગ ૪૦ કલાક સુધી સ્વતંત્ર રીતે ધબક્યું નહીં. આ દરમિયાન એક્મો મશીન તેના જીવનનો આધાર બની રહ્યું. ડૉક્ટરો અને નર્સો તેની સતત દેખરેખ રાખતા હતા કારણ કે એક્મોના ઉપયોગ વખતે લોહી ગંઠાઈ જવું (બ્લડ ક્લોટ) અથવા રક્તસ્ત્રાવ થવા જેવી મુશ્કેલીઓ સર્જાઈ શકે છે. દર્દીને IABP (બલૂન પંપ) જેવા



અન્ય સાધનો વડે પણ મદદ કરાઈ હતી.

૪૦ કલાક એક્મોના સહારે જીવેલા દર્દીનું હૃદય ફરીથી ધબકવા તો લાગ્યું, પણ ધબકારા અનિયમિત હતા. ડૉક્ટરો અને નર્સોની ૧૦ દિવસની સારવાર બાદ હૃદય ફરીથી સામાન્ય રીતે ધબકવા લાગ્યું. ડૉક્ટરોએ જણાવ્યું કે તેને 'ફૂલમિનેન્ટ મ્યોકાર્ડિટિસ' (હૃદયના સ્નાયુમાં સોજો) હતો, જે એક ગંભીર બીમારી છે. એક્મો મશીને તેના હૃદયને આરામ કરવાની અને સાજા થવાની તક આપી. ૨૦ દિવસમાં તે એટલો સ્વસ્થ થઈ ગયો કે જાતે જ ચાલીને ઘરે ગયો.

'એવી વસ્તુ જોઈ કે વિશ્વાસ નહીં થાય'

# એલિયન્સ અંગે ડોનાલ્ડ ટ્રમ્પ ચોંકાવનારો ખુલાસો કરશે !

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વૉશિંગ્ટન, તા.૩૦**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં એક અત્યંત રોમાંચક જાહેરાત કરતા જણાવ્યું છે કે તેઓ ટૂંક સમયમાં યુએફઓ (UFO) એટલે કે અનઆઈડેન્ટિફાઈડ ફ્લાઈંગ ઓબ્જેક્ટ્સ સાથે જોડાયેલી એવી માહિતી જાહેર કરવા જઈ રહ્યા છે, જેના પર લોકોને વિશ્વાસ કરવો પણ મુશ્કેલ પડશે.

વ્હાઈટ હાઉસમાં આર્ટિમિસ II મિશનના ક્રૂ મેમ્બર્સ સાથેની મુલાકાત દરમિયાન ટ્રમ્પે સ્પષ્ટ કર્યું હતું કે, તેમનું પ્રશાસન લાંબા સમયથી વણઉકેલ્યા રહેલા આ રહસ્યો પરથી પડદો ઉઠાવવાની તૈયારીમાં છે. ટ્રમ્પના મતે, લોકોમાં યુએફઓ અને અન્ય ગ્રહોના જીવન(એલિયન્સ) પ્રત્યે ભારે જિજ્ઞાસા છે અને ટૂંક સમયમાં જ આ અંગેના મહત્ત્વના દસ્તાવેજોનો પ્રથમ ભાગ જાહેર કરવામાં આવશે.

ટ્રમ્પે તેમના અગાઉના કાર્યકલનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, તેમણે કેટલાક એવા પાઈલટ્સ સાથે વાત કરી હતી જેમણે આકાશમાં એવી અદભૂત વસ્તુઓ જોઈ હોવાનો દાવો કર્યો હતો જેના પર ભરોસો કરવો અશક્ય છે. ફેબ્રુઆરીમાં જ અમેરિકન પ્રમુખે સંબંધિત એજન્સીઓને આદેશ આપ્યો હતો કે યુએફઓ અને અનઆઈડેન્ટિફાઈડ એરિયલ ફિનોમિના સાથે જોડાયેલી તમામ ફાઈલોની સમીક્ષા કરીને તેને સાર્વજનિક કરવામાં આવે.

તેમના જણાવ્યા અનુસાર, 17 એપ્રિલની સમીક્ષામાં કેટલાક અત્યંત રસપ્રદ દસ્તાવેજો સામે આવ્યા છે જે વિશ્વની સામે મૂકવામાં આવશે.

નોંધનીય છે કે, આર્ટિમિસ IIએ નાસાનું પ્રથમ ક્રૂડ ટેસ્ટ ફ્લાઈટ મિશન હતું, જે 1 એપ્રિલના રોજ ફ્લોરિડાથી લોન્ચ કરવામાં આવ્યું હતું. આ મિશનમાં 4 અવકાશયાત્રીઓએ એસએલએસ(SLS) રોકેટ દ્વારા પૃથ્વીની ભ્રમણકક્ષા પૂર્ણ કરી ચંદ્રની પાછળના ભાગ(Far Side) સુધીની મુસાફરી કરી હતી.

આ મુસાફરી દરમિયાન તેઓ પૃથ્વીથી 4,06,771 કિલોમીટર દૂર ગયા હતા, જે એક નવો રેકોર્ડ છે. અવકાશના આ સફળ મિશન બાદ હવે ટ્રમ્પની આ નવી જાહેરાતે સમગ્ર વિશ્વમાં કુતૂહલ જગાવ્યું છે કે આખરે યુએફઓ સાથે જોડાયેલી એવી કઈ બાબતો છે જે અત્યાર સુધી દુનિયાથી છુપાયેલી હતી.




દિવ્યેન્દુએ સિક્વલ અંગે સકારાત્મક અપડેટ આપતા કહ્યું

# કુનાલ ખેમુ 'મડગાંવ એક્સપ્રેસ ૨'ની સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યો છે




**ફરી એક વાર અભિનેતા પ્રતીક ગાંધી, કુનાલ ખેમુ, અવિનાશ તિવારી અને દિવ્યેંદુ ધમાલ મચાવશે**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

મડગાંવ એક્સપ્રેસના ચાહકો માટે ખુશખબર છે. આ ફિલ્મ પણ ગોલમાલ અને વેલકમ કે હેરાફેરી જેવી કલ્ટ કોમેડી બની ગઈ છે. આ ફિલ્મના યાદગાર પાત્રમાંના એક દિવ્યેન્દુએ હવે કહ્યું છે કે ૨૦૨૪ની આ કોમેડી હિટની સિક્વલ હવે સત્તાવાર રીતે બની રહી છે અને ડિરેક્ટર કુનાલ ખેમુ હાલમાં મડગાંવ એક્સપ્રેસ ૨ માટે સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યો છે.

મૂળ ફિલ્મ, જે કુનલ ખેમુની ડિરેક્ટર તરીકે ડેબ્યુ ફિલ્મ હતી, તેમાં દિવ્યેન્દુ, પ્રતિક ગાંધી અને અવિનાશ તિવારી મુખ્ય ભૂમિકામાં હતા. ફિલ્મનાં તેના અલગ પ્રકારના હાસ્ય, ઊર્જાસભર અભિનય અને નવીન વાર્તાકથન માટે વખાણ થયા હતા અને રિલીઝ પછી તે ઝડપથી ફેન્સમાં લોકપ્રિય થઈ ગઈ હતી.

એક ઈન્ટરવ્યુમાં દિવ્યેન્દુએ સિક્વલ અંગે સકારાત્મક અપડેટ આપતા કહ્યું, "હા, બની રહી છે, ચોક્કસ બની રહી છે. કુનાલ સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યો છે. અમે બધા ખૂબ જ ઉત્સાહિત છીએ." દિવ્યેંદુએ પ્રથમ ફિલ્મને મળેલા મજબુત પ્રતિસાદનો પણ ઉલ્લેખ કર્યો, તેણે કહ્યું, "મડગાંવ માટે જે પ્રતિસાદ મળ્યો તે એવો હતો કે, તેને એક પ્રકારનું કલ્ટ ફોલોવિંગ મળ્યું છે. હું 'કલ્ટ' શબ્દ વાપરવા માગતો નથી, કારણ કે ફિલ્મ હજી નવી છે. તેને વધુ સમય સાથે વધવાનું અને વધુ મજબૂત થવાનું બાકી છે. પરંતુ હા, લોકો આ ફિલ્મ માટે ખરેખર ખુબ ઉત્સાહિત છે."

આમ તો, સિક્વલ અંગેની ચર્ચા માર્ચ ૨૦૨૫માં જ શરૂ થઈ ગઈ હતી, કુનાલ ખેમુએ ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મની પ્રથમ વર્ષગાંઠ ઉજવતા લખ્યું હતું કે તેણે "આગળની ફિલ્મ લખી લીધી છે". જોકે, ત્યારે તેણે કોઈ વિગતો જાહેર કરી નહોતી, પરંતુ હવે દિવ્યેન્દુના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે પ્રોજેક્ટ આગળ વધી રહ્યો છે. જોકે સ્ટોરીની વિગતો હજી ગુપ્ત રાખવામાં આવી છે, પ્રથમ ફિલ્મના અંતે જ સિક્વલની સંભાવના દર્શાવવામાં આવી હતી.

અંતિમ સીનમાં દિવ્યેન્દુનું પાત્ર 'ડોડો' લોટરી જીતી જાય છે અને તેના મિત્રોને લાસ વેગાસ જવાનું સુચન કરે છે, જે વધુ મોટી અને વધુ મસ્ત સિક્વલ માટેનો રસ્તો ખોલે છે.

૨૦૨૪માં રિલીઝ થયેલી મડગાંવ એક્સપ્રેસ ત્રણ બાળપણના મિત્રો વિશે હતી, જેમની ગોવા ટ્રિપનું સપનું સંપૂર્ણ ગડબડ અને કૌભાંડોમાં ફેરવાઈ જાય છે. ફિલ્મ તેના કોમિક ટાઈમિંગ અને મુખ્ય ત્રણેય કલાકારો વચ્ચેની કેમિસ્ટ્રી માટે વખાણાઈ હતી. આ દરમિયાન, દિવ્યેન્દુ હવે મિર્જાપુરઃ ધ મૂવીમાં મુન્નાભૈયાનાં રોલમાં જોવા મળશે, જે ૬ સપ્ટેમ્બર ૨૦૨૬એ રિલીઝ થવાની છે. તે નેટફિલક્સની આવનારી સિરીઝ ગ્લોરીમાં પણ કામ કરી રહ્યો છે, જે ૧ મે ૨૦૨૬એ રિલીઝ થશે.

# હવે રિચા ચઢ્ઢા ક્રાઈમ થ્રિલર સિરીઝમાં ડિટેક્ટિવની ભૂમિકામાં જોવા મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

સંજય લીલા ભણસાલીની ભવ્ય પિરિયડ ડ્રામા સિરીઝ હીરામંડીમાં લાજ્જો નામની તવાયફ તરીકે મજબુત અભિનય કરીને પાત્રને યાદગાર બનાવ્યા બાદ, રિચા ચઢ્ઢા હવે ફરી એકવાર સંપૂર્ણપણે અલગ અવતારમાં જોવા મળશે.

ઈન્ડસ્ટ્રીનાં વિશ્વસનીય સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, રિચા જલ્દી જ એક મોટા ઓટીટ પ્લેટફોર્મમાં રોમાંચક ક્રાઈમ થ્રિલર સિરીઝમાં મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ રોલ તેનાં હિરામંડીનાં રોલથી ઘણો અલગ હશે. રીચા આ નવા પ્રોજેક્ટમાં ડિટેક્ટિવની ભૂમિકામાં જોવા મળશે. આ પહેલાં વિદ્યા બાલન સહિતની એક્ટ્રેસ પણ ડિટેક્ટિવનાં રોલ કરી ચુકી છે, ત્યારે આ રોલ કેટલો અલગ અને મજબુત હશે, તે જોવાનું રસપ્રદ રહેશે. જોકે સિરીઝ અંગેની વિગતો હજુ ગુપ્ત રાખવામાં આવી છે, પરંતુ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે કે રિચાએ શૂટિંગ શરૂ કરી દીધું છે. આ શોમાં ક્રાઈમ અને ઈન્વેસ્ટિગેશનનાં બૅકગ્રાઉન્ડ પર આધારિત એક જટિલ વાર્તા જોવા મળશે, જેમાં રિચાનું પાત્ર રહસ્ય ઉકેલવામાં કેન્દ્રસ્થાનમાં રહેશે.

આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા એક સુત્રએ જણાવ્યું, "હીરામંડી પછી અને પ્રેગ્નન્સી બાદ, રિચા કંઈક સંપૂર્ણપણે અલગ કરવા માગતી હતી. ડિટેક્ટિવની ભૂમિકા તેને મજબુત, અનેક મર્યાદાઓ સાથે કામ લેતાં અને બૌદ્ધિક પાત્રમાં કામ કરવાનો મોકો આપે છે. આ પાત્ર માટે તેને લાગણીશીલતા, બુદ્ધિ અને શાંત છતાં તીવ્ર બંને પ્રકારના લક્ષણો જરૂર પડશે. આ ગુણો તે સ્વાભાવિક રીતે સ્ક્રીન પર લાવે છે. તેણે શૂટિંગ શરૂ કરી દીધું છે અને આ લુક અને ટોન તેણે અગાઉ કરેલાં કામથી ઘણા અલગ છે." રિચા ચઢ્ઢાનો ડિટેક્ટિવ તરીકેના આ ક્રાઈમ થ્રિલર ક્ષેત્રમાં પ્રવેશ તેની બહુવિધ પ્રતિભાને વધુ ઉજાગર કરશે તેવી અપેક્ષા છે.

અભિનેતાની પુણ્યતિથિએ સૌએ તેમને યાદ કર્યા

# ઈરફાન ખાને ફિલ્મોમાં એન્ટ્રી કરતાં જ કલાકારોને પાછળ રાખી દીધા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

મોટા પરદા પર ગંભીર, સંવેદનશીલ અને પ્રભાવશાળી પાત્રો નિભાવનારા ઈરફાન ખાનનો જન્મ ગ્લેમરની દુનિયામાં નહોતો થયો. અભિનય તેમને વારસામાં પણ નહોતો મળ્યો. સાધારણ પરિવારના ઈરફાને એક એવું સપનું જોયું હતું કે જેને પુરૂ કરવું મુશ્કેલ હતું.


બુધવારે ઈરફાનની પુણ્યતિથીએ સૌએ તેમને યાદ કર્યા હતા. ઈરફાન ખાનો જન્મ ૭ જાન્યુઆરી ૧૮૬૭ના રોજ જયપુરના ટોંક ખાતે એક સામાન્ય પરિવારમાં થયો હતો. પુરૂનામ સાહબજાદે ઈરફાન અલી ખાન હતું. પિતા ટાયરનો વ્યવસાય કરતા હતા. પરિવાર ઈચ્છતો હતો કે ઈરફાન પરંપરાગત રસ્તે આગળ વધે. પરંતુ ઈરફાન અભિનય તરફ ઢળેલા હતા. જયપુરમાં અભ્યાસ દરમિયાન જ નક્કી કરી લીધું કે તેનું અસલી સપનું અભિનય છે. પરિવાર આર્થિકરૂપે સમૃદ્ધ નહોતો. તેથી અભિનયનો રાહ સરળ નહોતો. તેમ છતાં ઈરફાન ખાને એનએસડીમાં પ્રવેશ મેળવી લીધો. તે પછી આરંભિક દોરમાં ઈરફાનને ફિલ્મોમાં મોટી ભૂમિકા નહોતી મળી રહી. ગુજરાન ચલાવવા નાના મોટા કામ, ટ્યૂશન વગેરે કરતા હતા. તેમણે ગુજરાન ચલાવવા એસી રિપેરિંગકામ શરૂ કર્યું. એક વાર એસી રિપેરિંગ માટે સુપરસ્ટાર રાજેશ ખન્નાને ઘેર પહોંચ્યા હતા. પહેલીવાર કોઈક સ્ટારને મળીને ઈરફાન બેભાન થઈ ગયા હતા.

ફિલ્મ આજે સિનેમાઘરોમાં રિલીઝ થશે

# રિલીઝના "કેડી-ધડેવિલ'ફિલ્મને એકદિવસ પહેલાંજ મંજૂરી મળી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

શિલ્પા શેટ્ટી અને સંજયના અભિનયે મઢેલી ફિલ્મ "કેડી–ધ ડેવિલ'ને કેન્દ્રીય ફિલ્મ પ્રમાણપત્ર બોર્ડ (સીબીએફસી) તરફથી "એ" પ્રમાણપત્ર સાથે રિલીઝ કરવા મંજૂરી મળી ચુકી છે. ફિલ્મ સિનેમાઘરોમાં રિલીઝ થાય તેના એક દિવસ પહેલાં જ તેને મંજૂરી મળી છે. કેબીએન પ્રોડક્શન હાઉસે જાણકારી આપી છે કે બોર્ડ તરફથી તેને પ્રમાણપત્ર મળી ગયું છે.




પ્રોડક્શન હાઉસે લખ્યું કે, 'એ સર્ટીફાઈ ડ. બેરહમ. અસલી. કેડીઃ ધ ડેવિલ રિલીઝ થવા આડે માત્ર એક દિવસ બાકી." પ્રમાણપત્ર મળ્યું તે પહેલાં ફિલ્મને એક નાનકડા અવરોધનો સામનો કરવો પડ્યો હતો. તે સમયે મેકર્સને ફિલ્લનું ટ્રેલર દૂર કરવું પડયું હતું. તેમાં એવા કેટલાક ફુટેજ હતા કે જેથી પ્રમાણપત્ર નહોતું મળ્યું. ટીમે તેથી જ તરત ટ્રેલર દૂર કરી દીધું હતું. પ્રમાણપત્રના નિયમોનું પાલન કરીને હવે એક નવું વર્ઝન અપલોડ કરશે.

ટીમે કહ્યું કે, જે બન્યું તેનો અફસોસ છે, પરંતુ ટીમ પ્રમાણપત્રના તમામ નિયમોનું પાલન કરશે. કન્નડ સ્ટાર ધ્રુવ સર્જાની મુખ્યભૂમિકા ધરાવતી આ ફિલ્મમાં શિલ્પા શેટ્ટી, વી.રવિચંદ્રન, રમેશ અરવિંદ રેશમા નાનાઈયા, સંજય દત્ત અને નોરા ફતેહી જેવા કલાકારો પણ છે.

પ્રિયદર્શન હૈવાન અને ભૂતબંગલા સિવાય બે ફિલ્મ ડિરેક્ટ કરી રહ્યા છે

# 'ભૂત બંગલા' અને 'હૈવાન' પછી અક્ષય-પ્રિયદર્શન ફરી એકવાર સાથે આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

પ્રિયદર્શન હાલ ધીમા પડવાના મૂડમાં નથી, તેઓ એક પછી એક બોલિવૂડની ફિલ્મ હાથણાં લઈ રહ્યા છે. તેઓ છેલ્લા ૪૦ વર્ષથી કામ કરી રહ્યા છે અને નિયમિત અંતરે ફિલ્મો બનાવી રહ્યા છે. ગયા અઠવાડિયે તેમની ફિલ્મ ભૂત બંગલા રિલીઝ થઈ છે, જે બોક્સ ઓફિસ પર સારું પ્રદર્શન કરી રહી છે. તેમણે અક્ષય કુમાર અને સૈફ અલી ખાન સાથે હૈવાનનું શૂટિંગ પણ પહેલાં જ પૂર્ણ કરી દીધું છે. હવે પ્રિયદર્શને જાહેર કર્યું છે કે, તેઓ વધુ બે ફિલ્મોનું દિગ્દર્શન કરશે, તેમાં એક પંકજ ત્રિપાઠી સાથે અને બીજી મોહનલાલ સાથે હશે. હવે જાણવા મળ્યું છે કે, તેઓ ગુપ્ત રીતે વધુ એક ફિલ્મ પર પણ કામ શરૂ કરી ચૂક્યા છે.

એક સુત્ર દ્વારા માહિતી મળી છે કે, "પ્રિયદર્શન એક રસપ્રદ ફિલ્મ તૈયાર કરી રહ્યા છે અને તેમાં અક્ષય કુમારને સાઈન કર્યો છે. આ એક ટિપિકલ પ્રિયદર્શન એન્ટરટેનર હશે, જે યુવાનો અને પારિવારિક દર્શકો બંનેને ગમશે."

સુત્રએ આગળ કહ્યું, "આ ફિલ્મનું નિર્માણ ટીપ્સ ફિલ્મ્સ દ્વારા કરવામાં આવશે અને આ પહેલી વાર છે જ્યારે આ જાણીતું બેનર પ્રિયદર્શન સાથે કામ કરશે."

આ અનટાઈટલ્ડ ફિલ્મ ૨૦૧૪માં આવેલી અક્ષય કુમારની એન્ટરટેઈન્મેન્ટ પછી અક્ષય કુમાર અને ટીપ્સ વચ્ચેની બીજી ફિલ્મ છે. અક્ષય કુમાર અને પ્રિયદર્શન અત્યાર સુધીમાં ૭ ફિલ્મોમાં સાથે કામ કરી ચૂક્યા છે—હેરા ફેરી, ગરમ મસાલા, ભાગમ ભાગ, ભૂલ ભુલૈયા, દે ધના ધન, ખટ્ટા મીઠા અને ભૂત બંગલા. હૈવાન તેમની આઠમી ફિલ્મ હશે, જ્યારે ટીપ્સ સાથેની આ ફિલ્મ તેમની એકબીજા સાથે નવમી બની રહેશે. કાનુની મુદ્દાઓ ઉકેલાયા પછી તેઓ હેરા ફેરી ૩ માટે પણ કામ શરૂ કરશે.

ભૂત બંગલાની રિલીઝ પહેલાં પ્રમોશન દરમિયાન આપેલા એક ઈન્ટરવ્યુમાં અક્ષય કુમારે પ્રિયદર્શનના વખાણ કરતા કહ્યું હતું કે, સમયપાલન તેમની ભાગીદારીનું મુખ્ય કારણ રહ્યું છે. તેણે કહ્યું, "આ માણસ સંપૂર્ણ શિસ્તબદ્ધ છે. સંપૂર્ણ શિસ્તબદ્ધ. તેથી જ અમે બંને બહુ સારી રીતે સાથે કામ કરીએ છીએ. અમારી ૭ વાગ્યાની શિફ્ટ ૭ વાગ્યે જ શરૂ થાય છે. ૩ વાગ્યે પેક-અપ થઈ જાય છે અને જીવન આરામથી પસાર થાય છે. કોઈ ટેન્શન નથી. તેમને માત્ર એક સારો પ્રોડ્યુસર જોઈએ જે બધું સમયસર લાવે અને એવો અભિનેતા જોઈએ જે સમયસર આવે."

### વડોદરા વહીવટી તંત્ર એક્શન મોડમાં

# ૧૧મી મેના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવી શકે વડોદરાની મુલાકાતે

**વડોદરામાં નેશનલ હાઈવે પાસે નિર્માણ પામેલા ભવ્ય સરદારધામનું પીએમના હસ્તે લોકાર્પણ થવાની શક્યતા**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**વડોદરા, તા.૩૦**

ગુજરાતના પનોતા પુત્ર અને દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફરીએકવાર ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આગામી ૧૧ મેના રોજ પીએમ મોદી સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી રાજ્યને નવી ભેટ ધરશે. આ પ્રવાસને લઈને વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

પીએમ મોદીના આ પ્રવાસનું મુખ્ય આકર્ષણ પ્રથમ જ્યોતિર્લિંગ એવા સોમનાથ મહાદેવનું મંદિર રહેશે. ૧૧ મેના રોજ સોમનાથ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાને ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે.

આ ઐતિહાસિક અવસરને સ્વાભિમાન પર્વ તરીકે ઉજવવામાં આવનાર છે. સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે પીએમ મોદી આ ગરિમામય કાર્યક્રમમાં હાજરી આપી મહાદેવના આશીર્વાદ લેશે.

સોમનાથ બાદ પ્રધાનમંત્રી વડોદરાની મુલાકાતે પહોંચશે. વડોદરામાં નેશનલ હાઈવે પાસે નિર્માણ પામેલા ભવ્ય સરદારધામનું પીએમ મોદીના હસ્તે લોકાર્પણ થવાની શક્યતા છે. આ પ્રોજેક્ટ વિશેની મુખ્ય વિગતોની વાત કરીએ તો અંદાજે રૂ.૧૫૦ કરોડના ખર્ચે આ ભવન તૈયાર કરવામાં આવ્યું છે. ૨૦૦૦ જેટલા દીકરા-દીકરીઓ માટે રહેવા અને જમવાની ઉત્તમ સુવિધા ઉભી કરવામાં આવી છે.

સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે અહીં ખાસ UPSC ટ્રેનિંગ સેન્ટર પણ ચલાવવામાં આવશે. પીએમ મોદીના આગમનને પગલે વડોદરા વહીવટી તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે. કલેક્ટર સહિતના ઉચ્ચ અધિકારીઓએ સરદારધામની મુલાકાત લઈને સુરક્ષા અને વ્યવસ્થાની સમીક્ષા કરી છે. કાર્યક્રમ સ્થળ પર હેલીપેડથી લઈને બેઠક વ્યવસ્થા સુધીની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

### જબલપુરમાં મોટી દુર્ઘટના સર્જાઈ

# ૩૦ પર્યટકો ભરેલું ક્રૂઝ બરગી ડેમમાં ડૂબ્યું, અત્યાર સુધીમાં ૪ના મૃતદેહ મળ્યા



**અત્યાર સુધીમાં ૧૫ લોકોને બચાવી લેવાયા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**જબલપુર, તા.૩૦**

મધ્યપ્રદેશના જબલપુરના પ્રસિદ્ધ પર્યટન સ્થળ બરગી ડેમમાં ગુરુવારે સાંજે એક મોટી દુર્ઘટના બની છે. નર્મદા નદીના બેકવોટરમાં પ્રવાસીઓથી ભરેલી એક ક્રૂઝ અચાનક ડૂબી જતાં વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ છે. અત્યાર સુધીમાં ૧૫ લોકોને બચાવી લેવાયા છે, જ્યારે ચારના મૃતદેહ મળી આવ્યા છે. પ્રાથમિક જાણકારી મુજબ, અચાનક આવેલા તોફાન અને ભારે પવનને કારણે ક્રૂઝનું સંતુલન બગડ્યું હતું અને તે પાણીમાં ડૂબી ગઈ હતી.

દુર્ઘટના સમયે ક્રૂઝ પર અંદાજે ૩૫થી ૪૦ પ્રવાસીઓ સવાર હતા. ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકો અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. NDRF અને SDRFની ટીમોએ તાત્કાલિક રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કર્યું હતું, જેમાં અત્યાર સુધીમાં ૧૫થી વધુ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. જોકે, હજુ પણ ઘણા પ્રવાસીઓ લાપતા હોવાનું જાણવા મળી રહ્યું છે. પોલીસ પ્રશાસન દ્વારા અત્યાર સુધીમાં ચાર લોકોના મોતની પુષ્ટિ કરવામાં આવી છે, જેમના મૃતદેહ બહાર કાઢી લેવાયા છે. આ ચાર મૃતદેહોમાં ત્રણ મહિલાઓનો સમાવેશ થાય છે. પોલીસ-પ્રશાસનના ઉચ્ચ અધિકારીઓ હાલ ઘટનાસ્થળે હાજર છે અને ગોતાખોરો દ્વારા લાપતા લોકોની શોધખોળ યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

### હિમાચલ પ્રદેશમાં ડરામણો અકસ્માત

# કાર સીધી ૨૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી, ૨ના મોત



(સંપૂર્ણ સમાચાર સેવા)

**શીમલા, તા.૩૦**

હિમાચલ પ્રદેશના ચિંતપૂર્ણી વિસ્તારમાં એક ભયંકર માર્ગ અકસ્માતમાં પંજાબના બે શ્રદ્ધાળુઓના કરુણ મોત થયા છે. આ અકસ્માત ઉના જિલ્લાના ભરવાઈ વિસ્તારમાં તે સમયે થયો જ્યારે એક કાર આશરે ૨૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી અને તેમાં આગ લાગી ગઈ. ઘટનાનો એક વીડિયો સામે આવ્યો છે, જે કોઈ બોલીવુડ ફિલ્મમાં સ્ટંટ સીન જેવો લાગી રહ્યો છે. એક પૂરઝડપે આવતી કાર પહાડી રસ્તા પર સીધી ઊંડી ખીણમાં જઈ પડી. આ દરમિયાન કારની ઝડપ જરા પણ ઓછી થતી દેખીણ ન હતી. એવું લાગી રહ્યું છે કે જાણે ડ્રાઈવર કોઈ ફિલ્મનો ખતરનાક સ્ટંટ કરી રહ્યો હોય.

અકસ્માતના સીસીટીવીમાં જોઈ શકાય છે કે પૂરઝડપે આવતી કાર હવામાં ઉછળી અને પછી સીધી ખીણમાં જઈ પડી. ૨૦૦ ફૂટ ઊંડી ખીણમાં પડેલી લુધિયાણા પાસિંગની આ કાર ચિંતપૂર્ણી દર્શન કરીને મુબારકપુર તરફ જઈ રહી હતી. આ દરમિયાન અચાનક ટાયર ફાટવાના કારણે ડ્રાઈવરે કાર પરથી કાબૂ ગુમાવ્યો હતો, જેનાથી કાર સીધી ઊંડી ખીણમાં ખાબકી હતી. નીચે પડ્યા બાદ કારમાં આગ લાગી ગઈ અને તેમાં સવાર બંને લોકો જીવતા ભૂંજાઈ ગયા. જણાવવામાં આવી રહ્યું છે કે કારમાં સવાર લોકો પંજાબથી આવેલા શ્રદ્ધાળુઓ હતા, જેઓ ચિંતપૂર્ણી મંદિરે દર્શન કરીને પરત ફરી રહ્યા હતા. ઘટનાનો સીસીટીવી વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં કારને હવામાં ઉછળતી અને ખીણમાં પડતી જોઈ શકાય છે. અકસ્માત બાદ સમગ્ર વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ઘટનાની જાણ થતા જ પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર બ્રિગેડની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, જે જગ્યાએ અકસ્માત થયો તે એક બ્લેક સ્પોટ છે, જ્યાં રોડનો કેટલોક હિસ્સો તૂટેલો છે અને નીચે ઊંડી ખીણ છે. પ્રાથમિક તપાસમાં અકસ્માતનું કારણ ટાયર ફાટવું હોવાનું માનવામાં આવી રહ્યું છે. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે અને એક મૃતકની ઓળખ થઈ ચૂકી છે તેનું નામ પંકુ છે, જ્યારે અન્ય એક મૃતકની ઓળખ કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

મહત્વનું છે કે મૃતકોમાં પંકુ લુધિયાણાના ગોપાલ નગર ટિબ્બા રોડમાં રહેતો હતો, તે તેના મિત્ર સાથે ચિંતપૂર્ણી માતા મંદિરે માથું ટેકાવવા ગયો હતો. તેને અકસ્માતના એક કલાક પહેલા જ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી કે જેમાં લખ્યું હતું કે, 'એક દિવસ હું મરી જઈશ, અને મને મારો ભાઈ કાંધ આપશે..'

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં AAP અને કોંગ્રેસના હજારો ઉમેદવારોની ડિપોઝિટ ગુલ

**કોંગ્રેસ પક્ષના ૨૨૨૩ ઉમેદવારોની ડીપોઝિટ જપ્ત, જ્યારે એએપીના કુલ ૩૩૬૫ ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થઈ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગાંધીનગર, તા.૩૦**

ગુજરાતમાં તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પરિણામો બાદ હવે પક્ષવાર દેખાવના ચોંકાવનારા આંકડાઓ સામે આવ્યા છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાઓમાં ભાજપના દબદબા સામે વિપક્ષી પાર્ટીઓની સ્થિતિ અત્યંત દયનીય જોવા મળી છે. ખાસ કરીને આમ આદમી પાર્ટી (AAP) અને કોંગ્રેસના હજારો ઉમેદવારો પોતાની ડિપોઝિટ પણ બચાવી શક્યા નથી.

આમ આદમી પાર્ટીના ૩૩૬૫ ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત થઈ છે, જ્યારે કોંગ્રેસમાં ૨૨૨૩ ઉમેદવારોનો સમાવેશ થાય છે. આ આંકડાઓ રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોના સંયુક્ત પરિણામો પર આધારિત છે. આ આંકડાઓ સ્પષ્ટ કરે છે કે ગુજરાતના મતદારોએ કાં તો સત્તાધારી પક્ષ પર ભરોસો મૂક્યો છે અથવા તો વિપક્ષના મતોનું મોટા પાયે વિભાજન થયું છે. આમ આદમી પાર્ટી માટે સંખ્યાબળની દ્રષ્ટિએ ઉમેદવારો ઉતારવા સહેલા રહ્યા પણ જનમત મેળવવામાં તેઓ નિષ્ફળ સાબિત થયા છે, જ્યારે કોંગ્રેસ માટે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવું પણ હવે પડકારજનક બન્યું છે. મહાનગરપાલિકા અને નગરપાલિકાના શહેરી વિસ્તારોમાં આમ આદમી પાર્ટીએ આક્રમક પ્રચાર કર્યો હોવા છતાં અનેક બેઠકો પર તેમના ઉમેદવારો નોંધપાત્ર મતો મેળવવામાં નિષ્ફળ રહ્યા છે. તેવી રીતે જિલ્લા અને તાલુકા પંચાયતમાં ગ્રામીણ સ્તરે કોંગ્રેસનો પરંપરાગત ગઢ ગણાતા વિસ્તારોમાં પણ ગાબડા પડ્યા છે. કોંગ્રેસના ૨૨૦૦થી વધુ ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત થવી એ પક્ષ માટે ચિંતાનો વિષય છે.

ચૂંટણી પંચના નિયમ મુજબ, જો કોઈ ઉમેદવારને તે બેઠક પર પડેલા કુલ માન્ય મતોના ૧/૬ ભાગ (અંદાજે ૧૬.૬૬%) કરતા ઓછા મત મળે, તો તેની ડિપોઝિટ જપ્ત કરવામાં આવે છે. જોકે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં જે ઉમેદવારો ૧૦ ટકા મતોનો આંકડો પણ સ્પર્શી શક્યા નથી, તેમની ડિપોઝિટ જપ્ત થતા પક્ષોની આબરૂના ધજાગરા થયા છે.

### સલામત સવારીનું અસલામત બસ સ્ટેન્ડ

# બાલાસિનોર એસટી ડેપોમાંથી બસ ચોરાઈ ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મહીસાગર,તા.૩૦**

મહીસાગર જિલ્લાના બાલાસિનોર એસટી બસ ડેપોમાં સુરક્ષા વ્યવસ્થાના ધજાગરા ઉડાવતી એક ઘટના સામે આવી છે. એક અજાણ્યો શખસ ડેપોના વર્કશોપમાંથી આખી બસ ચોરી કરી ફરાર થઈ જતા એસટી તંત્ર અને પોલીસ વિભાગમાં દોડધામ મચી ગઈ હતી.

મળતી માહિતી અનુસાર, બાલાસિનોર એસટી બસ ડેપોમાં આ ઘટના ૨૮મી એપ્રિલની સાંજે બની હતી. એક અજાણ્યો શખસ એસટી ડેપોના વર્કશોપ વિસ્તારમાં પ્રવેશ્યો હતો. ત્યાંથી તે એસટી બસ લઈને ડેપોની બહાર નીકળી ફરાર થઈ ગયો હતો. બસ ગાયબ હોવાની જાણ થતા જ ડેપોના અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા અને તાત્કાલિક પોલીસને જાણ કરી હતી.

ઘટનાની ગંભીરતા જોતા પોલીસે અલગ-અલગ ટીમો બનાવી બસની શોધખોળ શરૂ કરી હતી. આશરે ૩ કલાકની સઘન તપાસ બાદ ચોરી થયેલી બસ કઢૈયા ગામની સીમમાં ઝાડીઓ વચ્ચેથી મળી આવી હતી. આરોપી બસને બિનવારસી હાલતમાં મૂકીને ત્યાંથી ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો.

આ ઘટનાએ એસટી ડેપોની સુરક્ષા પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. બાલાસિનોર ડેપો મેનેજર દ્વારા આ મામલે અજાણ્યા શખસ વિરુદ્ધ સત્તાવાર પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

હાલ પોલીસ દ્વારા ડેપો અને રસ્તા પરના સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવી રહ્યા છે. આરોપી કોણ હતો અને બસ ચોરી કરવા પાછળનો તેનો ઈરાદો શું હતો, તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે.

### મનપાની નિષ્ક્રિયતા સામે સવાલો

# પાંડેસરામાં મોબાઈલ ટાવર સામે સ્થાનિકોનો ઉગ્ર વિરોધ



(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત,તા.૩૦**

સુરતના પાંડેસરા વિસ્તારમાં આવેલા હાઉસિંગ બોર્ડના જલારામ નગરમાં મોબાઈલ ટાવર લગાવવાની કામગીરીને લઈને સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. રહીશોનો મુખ્ય વિરોધ એ વાતને લઈને છે કે, માત્ર ૫૦ ફૂટના અંતરમાં પહેલાથી જ ત્રણ મોબાઈલ ટાવર કાર્યરત છે. તેમ છતાં, વહીવટી તંત્ર કે કંપની દ્વારા ચોથું ટાવર ઉભું કરવાના પ્રયાસો હાથ ધરાતા લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. સ્થાનિકોને ભય છે કે આટલા નજીકના અંતરે એકસાથે આટલા ટાવર હોવાથી તેમાંથી નીકળતું હાનિકારક રેડિયેશન કેન્સર જેવી ગંભીર બીમારીઓ નોતરી શકે છે.સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ ગેરકાયદે કે અયોગ્ય રીતે નંખાઈ રહેલા ટાવર બાબતે સુરત મહાનગરપાલિકાને અવારનવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. જોકે, તંત્ર દ્વારા આ મામલે કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. રહેણાંક વિસ્તારની મધ્યમાં અને ગીચ વસ્તીમાં ટાવરોનો ખડકલો થવા છતાં તંત્રની આંખ આડા કાન કરવાની નીતિ સામે લોકોમાં ભારે નારાજગી છે.આજે જ્યારે ટાવર લગાવવા માટેની કામગીરી ફરી શરૂ કરવામાં આવી, ત્યારે મોટી સંખ્યામાં મહિલાઓ અને પુરુષોએ એકઠા થઈને કામ અટકાવી દીધું હતું. ભારે હોબાળો અને વિરોધ પ્રદર્શનને જોતા કોન્ટ્રાક્ટરે હાલ પૂરતું કામ સ્થગિત કરવાની ફરજ પડી હતી. સ્થાનિકોએ ચીમકી ઉચ્ચારી છે કે, જો અહીંથી ટાવર હટાવવામાં નહીં આવે અથવા નવી કામગીરી કાયમી ધોરણે બંધ નહીં થાય, તો આગામી દિવસોમાં મનપા કચેરીએ જઈ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.


**CHANGE OF NAME**

**Old Name:** Mohd Rafik Ahmad
**New Name: Mohmad Rafik Mohmad Hussein Khalifa**
**Address:** 2-224-A Kharawad Nani Daman, Daman-396210


### ગુજરાતના હવામાન વિભાગની આગાહી

# કાળઝાળ ગરમીથી મુક્તિ મળવાના હમણાં એંધાણ નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ, તા.૩૦**

ગુજરાતના હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં હવામાનમાં કોઈ મોટા ફેરફારોની સંભાવનાઓ નથી, આ સાથે તાપમાનમાં પણ કોઈ મોટા ફેરફારો થવાની શક્યતાઓ નથી. જેમાં હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફાર થવાની શક્યતાઓ નથી.

રાજ્યમાં આકરી ગરમી પડી રહી છે અને તેની સ્થિતિ આગામી દિવસોમાં કેવી રહેશે તે અંગે પણ હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડિરેક્ટર એકે દાસ દ્વારા વિસ્તારથી જણાવવામાં આવ્યું છે. રાજ્યમાં પાછલા કેટલાક દિવસોથી આકરી ગરમી પડી રહી હતી અને જેના લીધે લોકોને ગરમીમાં બહાર નીકળતી વખતે સાવધાની રાખવાની પણ સૂચના આપવામાં આવી રહી છે.

એકે દાસે ગુરુવારે કરેલી આગાહીમાં જણાવ્યું છે કે, આગામી ૭ દિવસ માટે એટલે કે ૩૦ એપ્રિલથી ૬ મેચ સુધીના હવામાનની આગાહી કરવામાં આવી છે તેમાં હવામાન શુષ્ક રહેવાની સંભાવનાઓ છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાન છે તેમાં કોઈ મોટા ફેરફારની શક્યતાઓ નથી. જોકે, તાપમાનમાં સામાન્ય ઘટાડો થવાની શક્યતાઓ છે.

દરિયાઈ વિસ્તારમાં પવનની દિશા અંગે માહિતી આપીને એકે દાસે જણાવ્યું છે કે, ઉત્તર ગુજરાતના દરિયાઈ વિસ્તારોમાં મુખ્યત્વે પશ્ચિમ દિશામાંથી પવન ફૂંકાશે જ્યારે દક્ષિણ ગુજરાતના દરિયાપટ્ટી વિસ્તાર છે ત્યાં દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમના પવનો આવશે. જેની ગતિ ૧૫થી ૨૦ કિલોમીટર પ્રતિકલાક રહેશે.

અમદાવાદના ૨૪ કલાકના તાપમાન અંગે તેમણે માહિતી આપીને જણાવ્યું છે કે, મુખ્યત્વે આકાશ સાફ રહેશે, મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભવાનાઓ છે.

રાજ્યમાં તાપમાનનો પારો સામાન્ય રીતે ૪૦ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે.

રાજ્યમાં સૌથી વધુ તાપમાન રાજકોટમાં ૪૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જે સામાન્યથી ૧.૮ ડિગ્રી સેલ્સિયસ વધુ છે. જ્યારે અમદાવાદમાં ૪૨.૬ ડિગ્રી સેલ્સિયસ અને ગાંધીનગરમાં ૪૨.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે. આ સાથે રાજ્યમાં પવન પશ્ચિમ દિશાથી આવવાની સંભાવનાઓ હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

# સુરતમાં ઘી અને આઈસ્ક્રીમમાં ભેળસેળનો મોટો પર્દાફાશ: ૬ સેમ્પલ ફેઈલ, આરોગ્ય માટે ખતરો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત,તા.૩૦**

સુરત શહેરમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અંગે ચોંકાવનારો ખુલાસો થયો છે. સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરભરમાં ચલાવવામાં આવેલા સઘન ચેકિંગ દરમિયાન ઘી અને આઈસ્ક્રીમના કુલ ૬ સેમ્પલ ફેલ જાહેર થતા ભેળસેળિયાઓ સામે તંત્ર એક્શનમાં આવ્યું છે. પબ્લિક હેલ્થ લેબોરેટરીના રિપોર્ટ મુજબ, ચકાસાયેલા સેમ્પલોમાં કેટલાકને "અનસેફ" અને કેટલાકને "સબસ્ટાન્ડર્ડ" જાહેર કરવામાં આવ્યા છે. ખાસ કરીને આઈસ્ક્રીમ અને જીલાટોમાં મિલ્ક ફેટનું પ્રમાણ નક્કી કરેલા ધોરણ કરતાં ઓછું મળ્યું, જે ગુણવત્તા પર ગંભીર પ્રશ્નો ઊભા કરે છે.

તપાસ દરમિયાન બહાર આવ્યું છે કે, કોસાડ વિસ્તારમાં આવેલા ન્યુ આદિનાથ ડેરીના ગોડાઉનમાંથી લેવામાં આવેલા ચાર ઘીના સેમ્પલ એકસાથે ફેલ થયા હતા. તેમાંના ત્રણ સેમ્પલમાં ટ્રાન્સફેટનું જોખમી પ્રમાણ નોંધાયું, જે હૃદયરોગ અને કોલેસ્ટ્રોલ વધારવા માટે જવાબદાર બની શકે છે. ઉપરાંત, એક સેમ્પલમાં બીટા-સિટોસ્ટેરોલ મળતા ગાયના ઘીના નામે વનસ્પતિ તેલની ભેળસેળ થતી હોવાની પુષ્ટિ થઈ છે.

આઈસ્ક્રીમ સેગમેન્ટમાં પણ ચિંતાજનક સ્થિતિ સામે આવી છે. સિટી લાઈટ વિસ્તારમાં આવેલા શિવ કૃપા આઈસ્ક્રીમ પાર્લરનો વેનિલા આઈસ્ક્રીમ સબસ્ટાન્ડર્ડ જાહેર થયો છે. ઉધના-મગદલ્લા રોડ પર આવેલી ફ્રેંકો જીલાટોની મલાઈ પિસ્તા આઈસ્ક્રીમ પણ ટેસ્ટમાં નિષ્ફળ ગયો છે. શિવ કૈલાસ આઈસ્ક્રીમ પાર્લરના સંચાલક વિકી સૈનીએ જણાવ્યું કે, "વેનિલા આઈસ્ક્રીમના સેમ્પલ ફેલ આવ્યા છે. અમે જ્યાંથી આઈસ્ક્રીમ ખરીદીએ છીએ ત્યાં જાણ કરવામાં આવી છે અને આવી ભૂલ ફરી ન થાય તે માટે ખાસ તકેદારી રાખવામાં આવશે." આ સમગ્ર મામલે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે કડક વલણ અપનાવી ભેળસેળ કરનારાઓ સામે કાર્યવાહી શરૂ કરી છે. શહેરભરમાં ઘી અને આઈસ્ક્રીમ વેચતા એકમો પર સઘન ચેકિંગ અભિયાન હાથ ધરાયું છે. તંત્રએ નાગરિકોને અપીલ કરી છે કે, તેઓ ખાદ્ય પદાર્થો ખરીદતી વખતે સાવચેત રહે અને ગુણવત્તા અંગે શંકા હોય તો તાત્કાલિક જાણ કરે. ફૂડ સેફ્ટી એક્ટ ૨૦૦૬ હેઠળ દોષિતો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવી તંત્રએ ખાતરી આપી છે.


**PUBLIC NOTICE**

**THE PUBLIC IN GENERAL** is hereby informed that my client is intending to Purchase the below mentioned schedule of property from its Owner viz. Smt. Meera Devi Agarwal.

If anybody is having any objection, claim, interest, dispute for the above intended Sale transaction, he/she/they may contact the undersigned with the documentary proof sustaining his/her/their objection/claim/details of dispute/s within Fifteen (15) days from the date of this publication, failing which, my client will proceed to complete the sale transaction with the above owner as if there are no third party claim/objection/disputes in respect of the Schedule Property and thereafter no claim/objections/disputes will be entertained.

**SCHEDULE OF PROPERTY**

ALL that piece parcel of immovable property being Industrial Property Survey No. 375/7 admeasuring 1784.00 Square Meters, out of totally admeasuring 4064.62 Square Meters plot area as per plan annexed herewith, and constructed RCC Industrial building "C" of 7437.23 Square Feet on Ground Floor only with R.C.C. Roof and First and Second Floor are not yet constructed mentioned in Construction Permission and Approved Plan bearing Panchayat House No. 1099, with a height 18' Feet situated at Village Kachigam, within the jurisdiction of Kachigam Group of Gram Panchayat, Taluka Daman, Sub-District and District of Daman and forming a single and independent unit is bounded as follows:-
East By the Plot No. 357/7,
West By the Zari Cause Way Road,
North By the Internal approach Road of the Estate.
South By the plot No. 375/5.

Dated: 30/04/2026.

**Sd/-**
**Rajnikant B. Tandel**
(Advocate, Daman)



વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક



**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

# વાપી મનપા નવા મહિલા મેયરની રેસ શરૂ: મેયર પદ માટે પછાત વર્ગના મહિલા કોર્પોરેટરોમાં સ્પર્ધા શરૂ

**વિજેતા ૭ મહિલાઓ પૈકી કોઈ એક ઓબીસી મહિલાને શહેરના પ્રથમ મેયર બનવા માટે મળનારી તક**








**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૦**

વાપી મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે ઝળહળતો વિજય પ્રાપ્ત કર્યો છે. હવે શહેરના નવા મેયર અંગેની રેસ શરૂ થઈ ચૂકી છે. અઢી વર્ષ માટે મહિલા પછાત વર્ગ અનામત હોવાથી વિવિધ ૭ મહિલાના નામોના સમીકરણો ભાજપ વર્તુળોમાં શરૂ થયા છે. શહેરના પ્રથમ મહિલા મેયર ઓબીસીના હશે તે નક્કી મનાઈ રહ્યું છે.

વાપી મહાનગરપાલિકાની ચૂંટણીમાં ૭ ઓબીસી મહિલા વિજેતા બની છે. વોર્ડ નં.૧ ભૂમિકા પટેલ, ઉન્નતિ પટેલ, વોર્ડ નં.૬માં મિત્તલ નંદાણીયા, કવિતા દુધૈયા, વોર્ડ નં.૪ દક્ષાબેન પટેલ, વોર્ડ નં.૮ પ્રિયંકાબેન કહાર, ભૂમિકાબેન પટેલનો સમાવેશ થાય છે. આ સાત વિજેતા મહિલાઓના નામ મેયર પદ માટેની ચર્ચા રેસ અને સમીકરણોનું રાજકારણ ભાજપમાં શરૂ થઈ ગયું છે. હવે ભાજપ મોવડી મંડળ નવા મહિલા મેયરના નામની જાહેરાત ટૂંક સમયમાં કરશે ત્યાં સુધી જો અને તો ની ચર્ચાઓ રહેશે.

# સંજાણ બેઠકની મતગણતરીમાં ગેરરીતિના આક્ષેપ

**મત ગણતરી પ્રક્રિયામાં પારદર્શિતાનો અભાવ અને નિયમોના ભંગના આરોપ સાથે મુખ્ય જિલ્લા ચૂંટણી અધિકારીને કરેલી ફરિયાદ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૩૦**

ઉમરગામ તાલુકાની સંજાણ બેઠક પર થયેલી મતગણતરી પ્રક્રિયા વિવાદોના ઘેરામાં આવી છે. આ બેઠક પરથી ચૂંટણી લડી રહેલા વિવિધ પક્ષોના ઉમેદવારોએ મતગણતરી દરમિયાન ગંભીર ગેરરીતિઓ થઈ હોવાના આક્ષેપ સાથે જિલ્લા મુખ્ય ચૂંટણી અધિકારીને લેખિત રજૂઆત કરી છે.

આ રજૂઆત કરનારાઓમાં કોંગ્રેસના ઉમેદવાર ગોદરેજ અરદેશર પંથકી, અપક્ષ ઉમેદવાર પીનલકુમાર કાન્તિલાલ પટેલ અને આમ આદમી પાર્ટીના ઉમેદવાર મિન્ટુ મનીરામ જેસવારનો સમાવેશ થાય છે. આ ત્રણેય ઉમેદવારોએ સંયુક્ત રીતે સંજાણ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત બેઠકની મતગણતરીમાં અધિકારીઓ દ્વારા પક્ષપાત કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું છે.

મતગણતરી ડ્યુટી પરના અધિકારીઓ દ્વારા ઉમેદવારો પ્રત્યે ભેદભાવપૂર્ણ વલણ રાખવામાં આવ્યું હતું. ઉમેદવારો દ્વારા મૂકવામાં આવેલા આરોપ મુજબ ઈવીએમ ખોલતી વખતે બૂથ એજન્ટોને સીલની ચકાસણી કરવાની કે સહી કરવાની પૂરતી તક આપવામાં આવી નહોતી.

મતગણતરી પ્રક્રિયા અસામાન્ય રીતે અતિ ઝડપથી પૂર્ણ કરવામાં આવી, જેના કારણે ઉમેદવારો યોગ્ય અવલોકન કરી શક્યા નહોતા. કોઈપણ પૂર્વ જાણ વગર અને એજન્ટોની સહી લેવાની પ્રક્રિયા ચાલુ હોવા છતાં ઈવીએમના સીલ તોડી નાંખવામાં આવ્યા હતા. મતગણતરીના રાઉન્ડ પૂરા થયા બાદ બૂથ મુજબના લિસ્ટ આપવામાં આવ્યા નથી અને સહીઓ કરાવવામાં ઉતાવળ કરવામાં આવી હતી.

આ પરિસ્થિતિમાં મતગણતરીની વિશ્વસનીયતા પર સવાલ ઉઠાવતા ઉમેદવારોએ માંગ કરી છે કે આ સમગ્ર પ્રક્રિયાનું વીડિયો રેકોર્ડિંગ તેમને બતાવવામાં આવે અને તેની યોગ્ય તપાસ થાય. આ ઉપરાંત, સંબંધીત અધિકારીઓ સામે શિસ્તભંગના પગલાં ભરીને ઈવીએમ મશીનોની પુનઃચકાસણી કરવામાં આવે તેવી પણ લેખિત વિનંતી કરવામાં આવી છે.

# વાપીની મહિલા પોલીસની દારૂ રેકેટ સંડોવણી પ્રકરણમાં કોર્ટે જામીન અરજી નકારી દીધી

**દારૂનો જથ્થો ભરેલ ઝડપાયેલ કાર મહિલા પોલીસ કોન્સ્ટેબલ જાગૃતિ બાગુલની હોવાનું તપાસમાં બહાર આવેલ**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૦**

પારડી પોલીસ ગત તા.૨૫ માર્ચે હાઈવે ઉપર રૂા.૨.૬૦ લાખનો દારૂનો જથ્થો બરેલી સ્વિફ્ટ કાર ઝડપી પાડી હતી. કાર્યવાહીમાં અક્ષય સતિષ પટેલ અને અભિષેક શર્મા નામના બે આરોપી ઝડપાયા હતા. વધુ તપાસમાં કાર માલિક વાપીની મહિલા કોન્સ્ટેબલ નિકળી હતી.

પારડી પોલીસે હાઈવે ઉપરથી દારૂ બિયરનો બાટલી નંગ ૬૮૬નો જથ્થો ભરેલી સ્વિફ્ટ કાર ઝડપી પાડી હતી. કાર સાથે આરોપી અક્ષય સતિષ પટેલ અને અભિષેક શર્મા નામના બે આરોપી ઝડપાયા હતા. રૂા.૨.૬૦ લાખના દારૂના મુદ્દામાલ જપ્ત કરાયા બાદ પારડી પોલીસે વધુ ઉંડાણ ભરી તપાસ હાથ ધરેલી તો ચોંકાવનારી વિગતો સામે આવી હતી. વાપીમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા જાગૃતિબેન બાગુલની કાર નિકળી હતી. તેથી તેમની પણ પોલીસે અટક કરી હતી. આ કેસ અંગે જાગૃતિબેનને કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. નામદાર કોર્ટે જામીન અરજી નકારી દીધી હતી. ઘટનાએ સમગ્ર વલસાડ જિલ્લા પોલીસ બેડામાં ભારે ચકચાર જગાવી હતી. ખાખીની પણ દારૂની હેરાફેરીમાં સંડોવણી નિકળી હતી.

# મુખ્યમંત્રી શહેરી બસ સેવા યોજના અંતર્ગત વાપી, નવસારી અને પાલનપુરમાં નવા ૧૭ રૂટને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા લીલીઝંડી અપાઈ

**અંતરિયાળ વિસ્તારો સુધી બસ કનેક્ટિવિટી પહોંચવાથી સામાન્ય નાગરીકોના સમય અને નાણાં બંનેની બચત થશે: નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૩૦**

રાજ્યના નગર અને મહાનગરોમાં વસતા નાગરિકોની સુખાકારી અને આધુનિક પરિવહન સેવાઓ પૂરી પાડવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આ દિશામાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેતા મુખ્યમંત્રી શહેરી બસ સેવા યોજના હેઠળ વિવિધ મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારોમાં બસ સેવા શરૂ કરવા માટે નવા રૂટની મંજૂરી આપવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા નવા ૧૭ રૂટને લીલી ઝંડી આપવામાં આવતા હવે રાજ્યના ત્રણ મહત્વના શહેરોમાં જાહેર પરિવહન વ્યવસ્થા વધુ સુદ્રઢ બનશે.

આ મંજૂરી અન્વયે નવસારી મહાનગરપાલિકા વિસ્તાર માટે નવા ૦૭ રૂટ મંજૂર કરવામાં આવ્યા છે. નવસારીમાં આ રૂટ શરૂ થવાથી સ્થાનિક નાગરિકોને શહેરના એક છેડેથી બીજા છેડે જવા માટે સરળ અને સસ્તી પરિવહન સેવા ઉપલબ્ધ થશે. તેવી જ રીતે વાપી મહાનગરપાલિકા વિસ્તાર માટે નવા ૦૪ રૂટની મંજૂરી આપવામાં આવી છે. વાપી જેવા ઔદ્યોગિક હબમાં નવા બસ રૂટ શરૂ થવાથી શ્રમિકો અને નોકરિયાત વર્ગને અવરજવર માટે મોટી રાહત મળશે અને ખાનગી વાહનોની નિર્ભરતામાં ઘટાડો આવશે.

પાલનપુર નગરપાલિકા વિસ્તારના વિકાસને ધ્યાને રાખીને ત્યાં પણ નવા ૦૬ રૂટ મંજૂર કરવામાં આવ્યા છે. બનાસકાંઠાના મુખ્ય મથક એવા પાલનપુરમાં બસ સેવાનો વ્યાપ વધતા આસપાસના વિસ્તારોમાંથી આવતા વિદ્યાર્થીઓ અને સામાન્ય જનતાને તેનો સીધો લાભ મળશે. સરકારના આ આયોજનબદ્ધ નિર્ણયથી શહેરી વિસ્તારોમાં ટ્રાફિકનું ભારણ ઘટવાની સાથે સાથે પર્યાવરણને પણ ફાયદો થશે.

આ નવા ૧૭ રૂટ શરૂ થવાનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોની રોજિંદી મુસાફરીને સુવિધાયુક્ત અને સમયબદ્ધ બનાવવાનો છે. અંતરિયાળ વિસ્તારો સુધી બસ કનેક્ટિવિટી પહોંચવાથી સામાન્ય નાગરીકોના સમય અને નાણાં બંનેની બચત થશે તેમ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે.

રાજ્ય સરકારની આ યોજના હેઠળ આધુનિક બસો દ્વારા નાગરિકોને સલામત સવારીનો અનુભવ કરાવવા માટે તંત્ર સજ્જ બન્યું છે, જે અંતે શહેરોના સર્વાંગી વિકાસમાં પૂરક સાબિત થશે.

# વડાપ્રધાન મોદીએ પશ્ચિમ બંગાળ ચૂંટણી પ્રચારમાં ખાધેલ ઝાલમુરી વલસાડ બાલાજી વેફરે લોન્ચ કરી




**માત્ર ૫ રૂપિયામાં હવે ગુજરાતી ટેસ્ટ વાળી ઝાલમુરી ટૂંક સમયમાં કંપની દેશભરમાં ઉપલબ્ધ કરાવશે**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૩૦**

તાજેતરમાં પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પ્રચાર વખતે ઝારગામ વિસ્તારમાં એક ફૂડ સ્ટોર્સમાંથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બંગાળની સુવિખ્યાત ઝાલમુરીનો સ્વાદ ચાખ્યો હતો. મોદીએ ખાધેલ ઝાલમુરી સોશિયલ મીડિયા અને રાજકારણમાં છવાઈ ગઈ હતી એ ઝાલમુરીને ભારત અને ગુજરાતભરમાં જાણીતી વલસાડની કંપની બાલાજી વેફર આજે લોન્ચ કરી હતી.

બાલાજી વેફર ઝાલમુરી લોન્ચ કરાઈ છે જે સ્ટ્રીટ ફુડના સ્વાદને હાઈજીનિક અને પેકીંગ સ્વરૂપમાં ગ્રાહકો સુધી પહોંચશે. પ્રોડક્ટમાં ગુણવત્તા સસ્તી કિંમત માત્ર ૫ રૂપિયામાં ગુજરાતી ટેસ્ટની ઝાલમુરી ટૂંક સમયમાં ભારતભરમાં ઉપલબ્ધ થશે. આજે ઝાલમુરી લોન્ચીંગ કરતા કંપની ચેરમેન ચંદુભાઈ વિરાનીએ જણાવ્યું હતું. વલસાડમાં તૈયાર થનારી બંગાલી ઝાલમુરી આગામી સમયે ભારતભરના માર્કેટમાં ઉપલબ્ધ થશે. ગુજરાતી સ્વાદ દેશના ખુણે ખુણે ઝાલમુરી સ્વરૂપે પહોંચશે.

# ધરમપુરના ધી લેડી વિલ્સન મ્યુઝિયમ દ્વારા ''એમ્યુઝમેન્ટ ઇન અ મ્યુઝિયમ''- સમર કેમ્પ યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૩૦**

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર હેઠળના નિયામક, સંગ્રહાલયની કચેરી દ્વારા સંચાલિત વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે સ્થિત ધી લેડી વિલ્સન મ્યુઝિયમ ખાતે તા.૦૭ મે થી તા.૩૧ મે ૨૦૨૬ સુધી સમર કેમ્પ - ''એમ્યુઝમેન્ટ ઈન અ મ્યુઝિયમ'' નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વારલી ચિત્રકળા, લીંપણ આર્ટ, તંજોર ચિત્રકળા અને પેપર ક્રાફ્ટ શિખવવામાં આવશે. ધો.૫ થી ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ વહેલા તે પહેલાના ધોરણે નિઃશુલ્ક ભાગ લઈ શકશે અને રજીસ્ટ્રેશન ફરજીયાત રહેશે. વધુ માહિતી માટે કચેરી સમય દરમિયાન સવારે ૧૧:૦૦ વાગ્યાથી સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધી ફોન-૦૨૬૩૩ ૨૪૨૦૫૫ અથવા મો.૮૨૩૮૮૦૦૬૯૩ પર સંપર્ક કરી શકાશે.

# ચીખલીના સાદકપોરમાં બાઈક પર જઈ રહેલા પિતા-પુત્ર ઉપર દિપડાનો હુમલો: પુત્ર ઈજાગ્રસ્ત થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો




**ગામના ડેપ્યુટી સરપંચ દ્વારા છેલ્લા ચાર દિવસથી રજૂઆત કરવા છતાં વનવિભાગ દ્વારા પાંજરૂં ન ગોઠવાતા ગ્રામજનોમાં ભારે રોષ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૩૦**

બુધવારની રાત્રિના આઠેક વાગ્યાના અરસામાં સાદકપોર ગામના ભવાની ફળિયા ખાતે રહેતા રોહન હિરેનભાઈ રાઠોડ (ઉ.વ.૧૦) તેના પિતા સાથે મોટરસાયકલ પર ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન બામણીયા પાસે સુમસાન વિસ્તારમાં એક સાથે ત્રણેક જેટલા દીપડા ધસી આવ્યા હતા અને તે પૈકી એકે ચાલુ મોટરસાયકલે જ અચાનક હુમલો કર્યો હતો. જેમાં દીપડાના પંજાથી રોહનને પગમાં ઈજા થતાં તેને સારવાર અર્થે આનંદ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં પગમાં ૧૪ જેટલા ટાંકા લેવાની ફરજ પડી હતી. દીપડા અચાનક હુમલાથી બંને પિતા પુત્ર ભયભીત થઇ ગયા હતા. જોકે, મોટરસાયકલ પરથી કાબૂ ન ગુમાવતા બંનેનો આબાદ બચાવ થયો હતો. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળક પર દીપડાના હુમલાથી સ્થાનિકોમાં ભય સાથે વન વિભાગ સામે ઉગ્ર રોષ ભભૂકી ઉઠ્યો હતો.

સાદકપોર ગામના બામણીયા વિસ્તારમાં દીપડાની ગતિવિધિની જાણ કરતા ગામના ડેપ્યુટી સરપંચ દ્વારા છેલ્લા ચાર દિવસથી પાંજરૂ ગોઠવવા રજૂઆત કરવામાં આવી રહી હતી. પરંતુ વનવિભાગ દ્વારા ગંભીરતા ન દાખવી પાંજરૂ ગોઠવવામાં આવ્યું ન હતું.

નોંધનીય છે બે વર્ષ પૂર્વે સાદકપોર ગામમાં દીપડાના હુમલાથી એક મહિલાનું મોત નીપજ્યું હતું. ત્યારે વન વિભાગ દ્વારા આ રીતે અખાડા કરતા સ્થાનિકોમાં ઉગ્ર રોષ ફેલાવા પામ્યો છે.

ડેપ્યુટી સરપંચ શ્રી સંજયભાઈના જણાવ્યાનુસાર બામણીયા ફળિયા લોકો દ્વારા દીપડા અંગેની છેલ્લા ચાર દિવસથી વન વિભાગમાં રજૂઆત કરવામાં આવી રહી હતી. તેમ છતાં યેનકેન પ્રકારે પાંજરૂ ગોઠવવામાં આવ્યું નથી.

# ગુજરાતની શાળાઓમાં ૪ મેથી ૩૫ દિવસનું ઉનાળુ વેકેશન જાહેર

**શિક્ષણ વિભાગના પરિપત્ર અનુસાર ૭ જૂન સુધી ૩૫ દિવસનું વેકેશન રહેશે : ૮ જૂનથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થશે**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ, તા.૩૦**

ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ માટે ખુશખબર સામે આવી છે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૬ના ઉનાળુ વેકેશનની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. ચાલુ વર્ષે કાળઝાળ ગરમી વચ્ચે વિદ્યાર્થીઓને રાહત આપતા શિક્ષણ વિભાગે ૩૫ દિવસનું લાંબુ વેકેશન જાહેર કર્યું છે.

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા રાજ્યની તમામ શાળાઓ માટે એક સમાન પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. આ આદેશ મુજબ રાજ્યની તમામ સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ, ગ્રાન્ટેડ (અનુદાનિત) શાળાઓ, સ્વનિર્ભર (પ્રાઈવેટ) શાળાઓ અને અધ્યાપન મંદિરો અને બાલ અધ્યાપન મંદિરોનો સમાવેશ થાય છે. આ તમામ સંસ્થાઓએ શિક્ષણ વિભાગ દ્વારા નક્કી કરવામાં આવેલી તારીખોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

વેકેશનનો પ્રારંભ ૦૪/૦૫/૨૦૨૬થી ઉનાળુ વેકેશન શરૂ થશે અને ૦૭/૦૬/૨૦૨૬ સુધી વેકેશન રહેશે. જ્યારે ૦૮/૦૬/૨૦૨૬ થી શાળાઓ રાબેતા મુજબ પુનઃ શરૂ થશે. આ વર્ષે વિદ્યાર્થીઓને કુલ ૩૫ દિવસનું વેકેશન મળશે.

વેકેશન પૂર્ણ થયા બાદ ૮ જૂન ૨૦૨૬થી રાજ્યભરની શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે.

શિક્ષણ વિભાગે તમામ જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને આ અંગે સંકલન સાધીને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી દીધી છે.